RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 111* Date: 17.02.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દુર્ઘટના બાદ બાણસાગર ડેમથી છોડવામાં આવતું પાણી બંધ કરી દેવામાં આવ્યું

## મધ્યપ્રદેશમાં ૫૪ મુસાફરો ભરેલી બસ કેનાલમાં ખાબકતા ૩૭ના મોત

### મુખ્યમંત્રી શિવરાજ સિંહે સરકાર તરફથી મૃતકના પરિવારને ૫ લાખ વળતર પેટે આપવાની કરી જાહેરાત

### પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ યોજનારા ગૃહપ્રવેશ કાર્યક્રમને સ્થગિત કરાયો

ભોપાલ,તા.૧૬

મધ્યપ્રદેશના સીધીમાં મંગળવારના રોજ સવારે મોટા અકસ્માત થયો છે. મુસાફરથી ભરેલી એક બસ બાણસાગર નહેરમાં પડી છે. હમણાં સુધી ૨૫ લોકોની લાશો બહાર કઢાઈ છે. ૭ યાત્રિઓનો બચાવ થયો છે જ્યારે ડ્રાઈવર નહેરમાં તરીને બહાર નીકળી ગયો છે. અધિકારીઓને આશંકા છે તે મૃતકોની સંખ્યા ૪૫એ પહોંચી શકે છે. સવારે ૧૧.૪૫ વાગ્યે ક્રેનની મદદથી બસને બહાર કઢાઈ છે. કેટલીક લાશો પાણીમાં તણાઈ ગઈ છે. એએસપી અંજુલતા પટેલે જણાવ્યું છે કે ૩૭ લાશોને બહાર કઢાઈ છે. બાકીના મુસાફરોની પણ મોતની આશંકા છે. ગૃહમંત્રી અમિત શાહે પણ આ મામલે શિવરાજ સિંહ સાથે વાત કરી હતી અને ઝલદીથી રાહત કાર્ય થાય તે માટે ચર્ચા કરી હતી. અમિત શાહે કહ્યું કે સ્થાનિક પ્રશાસન હાલમાં લોકોની મદદ માટે યુદ્ધના ધોરણે કાર્ય કરી રહ્યું છે. આ ઉપરાંત તેમણે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી શિવરાજ સિંહે સરકાર તરફથી વળતરની જાહેરાત કરી છે.

દરેક મૃતકના પરિવારને ૫ લાખ રૂપિયા આપવામાં આવશે. સીધી બસ દુર્ઘટના બાદ મધ્ય પ્રદેશમાં આજે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ યોજનારા ગૃહપ્રવેશ કાર્યક્રમને સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે મધ્ય પ્રદેશને ભેટ મળવાની હતી. મંગળવારે (૧૬ ફેબ્રુઆરી) વસંત પંચમીના પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ માટે એક મોટો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. દુર્ઘટના બાદ બાણસાગર ડેમથી છોડવામાં આવતું પાણી બંધ કરી દેવામાં આવ્યું છે જેનાથી બસને પાણીના તેજ વહેણમાંથી તણાઇ જતાં રોકી શકાય. ક્રેનની મદદથી પહેલા બસને શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મધ્ય પ્રદેશના પરિવહન મંત્રી ગોવિંદ રાજપૂતે જણાવ્યું કે બસની પરમિટ રદ કરીને ટ્રાન્સપોર્ટ કમિશ્નરને આ દુર્ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તપાસમાં જે પણ દોષી પુરવાર થશે તેને છોડવામાં નહીં આવે.

ડેપ્યુટી ટ્રાન્સપોર્ટ કમિશ્નરને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. આ અકસ્માત રામપુરના નૈકિન વિસ્તારમાં સવારે લગભગ સાડા સાત વાગે થયો છે. બસ સીધીથી સતના જઈ રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર બસની ક્ષમતા માત્ર ૩૨ મુસાફરોની હતી. આ બસમાં ૫૪ મુસાફરો હતા. સીધીથી આ બસ છુહિયા ઘાટીથી સતના તરફ જઈ રહી છે. ટ્રાફિક હોવાથી ડ્રાઈવરે રૂટ બદલી દીધો હતો. આ સમયે રસ્તો સાંકડો હોવાથી ડ્રાઈવરે બસના સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં બસ નહેરમાં ખાબકી હતી. ઝાંસીથી રાંચી જતો આ રસ્તો



સતના, રીવી, સીધી અને સીંગરોલી થઈને જાય છે. એટલે અહીં ટ્રાફિક જામની વર્ષોથી સમસ્યા રહેતી હોય છે.

એસડીઆરએફની ટીમ રેસ્ક્યુ ઓપરેશનમાં લાગી ગઈ છે. બસને ક્રેનની મદદથી બહાર કઢાઈ છે. ગોતાખોરો હાલમાં લાશો શોધી રહ્યા છે. નહેરમાં પાણીનો પ્રવાહ વધારે હોવાથી ટીમ પાણી ઘટવાની રાહ જોઈ રહી છે. એ પણ આશંકા છે કે પાણીના તેજ પ્રવાહને પગલે લાશો દૂર સુધી પાણીમાં તણાઈ ગઈ પણ હોય. હાલમાં બાણસાગર ડેમમાંથી પાણીનો પ્રવાહ અટકાવી દેવામાં આવ્યો છે. પાણીનું સ્તર ઘટ્યા બાગ બીજી લાશો મળી શકે છે. પાણીનું હાલમાં ડ્રાયવર્ઝન કરી સિહાવલ નહેરમાં મોકલાઈ રહ્યું છે.

## હવે દુનિયાભરના લોકોને લાગશે ભારતની રસી, WHOએ આપી ઈમરજન્સી મંજૂરી

જીનીવા,તા.૧૬

ભારતમાં સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવેલી કોરોના રસી કોવિશિલ્ડનો ઉપયોગ હવે વિશ્વભરમાં કરવામાં આવશે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ ઓક્સફર્ડ અને એસ્ટ્રાઝેનેકા દ્વારા વિકસિત કરેલી બે કોવીડ-૧૯ રસીના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપી છે. તેમા સીરમ સંસ્થાની રસી ઉપરાંત, દક્ષિણ કોરિયાની એસ્ટ્રાઝેનેકા-એસકેબાયોની રસી સામેલ છે. ડબ્લ્યુએચઓએ જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે, ઓક્સફોર્ડ-એસ્ટ્રેજેનેકાની વેક્સીનને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી દેવામાં આવી છે જેથી વિશ્વભરમાં રસીકરણને આગળ વધારી શકાય.

તેની સાથે હુંના પ્રમુખે એમ પણ કહ્યું કે, કોરોના રસીના ઉત્પાદનમાં ગતી આવવી જોઈએ. રસીને મંજુરી આપ્યાના એક દિવસ પહેલા યુ.એન.ની આરોગ્ય એજન્સીની એક પેનલે રસી વિશે વચગાળાની ભલામણ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, તમામ પુખ્ત વયના લોકોએ રસીના બે ડોઝ ૮-૧૨ અઠવાડિયાના ગાળામાં આપી દેવા જોઈએ. ગયા વર્ષે ડિસેમ્બરમાં ડબ્લ્યુએચઓએ કટોકટીના ઉપયોગ માટે ફાઇઝરની કોરોના રસીને મંજૂરી આપી હતી. તમને જણાવી દઈએ કે, ઓક્સફર્ડ-એસ્ટ્રાઝેનેકાની કોરોના રસી ફાઈઝરની રસી કરતા ઘણી સસ્તી છે.

ડબ્લ્યુએચઓએ તેના નિવેદનમાં કહ્યું છે કે, ઓક્સફર્ડ-એસ્ટ્રોજેનિકાની આ બંને કોરોના રસીઓની મંજૂરી આપ્યા બાદ, વિશ્વના ઘણા દેશોમાં કોવેક્સ પ્રોગ્રામ હેઠળ રસીકરણ ઝડપી બનાવવામાં આવશે. ત્યાર બાદ વિશ્વના જે દેશોમાં હજુ કોરોનાની રસી આપવામાં આવી નથી તે દેશોમાં રસીકરણ શરૂ કરવામાં આવશે. જણાવી દઈએ કે, કોવેક્સ પ્રોગ્રામની જેમ, ડબ્લ્યુએચઓ વિશ્વના ગરીબ દેશોમાં કોરોના રસી પહોંચાડવાનો પ્રયાસ કરે છે.

### વડાપ્રધાન મોદીએ મહારાજા સુહેલદેવ સ્મારકનો કર્યો શિલાન્યાસ

## જેમણે વિદેશી કંપનીઓ માટે માર્ગ ખોલ્યો, તેઓ સ્થાનિક કંપનીઓને ડરાવી રહ્યા છે: પીએમ

લખનઉ,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ઉત્તરપ્રદેશના બહરાઇચમાં મહારાજા સુહેલદેવ મેમોરિયલનો શિલાન્યાસ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કરતાં કહ્યુ હતું કે આજે વસંતપંચમીનો શુભ દિવસ છે, આવી સ્થિતિમાં મારી પ્રાર્થના છે કે દરેક દેશવાસીઓને માતા સરસ્વતીના આશીર્વાદ મળે. મહારાજા સુહેલદેવના નામે જે મેડિકલ કોલેજ બની છે એનાથી લોકોને લાભ થશે. વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે ભારતનો ઈતિહાસ એ નથી જેણે દેશને ગુલામ બનાવ્યો અને ગુલામીની માનસિકતા સાથે લખનારાઓએ લખ્યું, ભારતનો ઈતિહાસ એ પણ છે જે દેશના સામાન્ય માણસે લખ્યું છે.

ભારતના ઘણા નાયકો અને નાયિકાઓને ઈતિહાસમાં ક્યારેય સ્થાન આપવામાં આવ્યું નથી, જેમને ક્યારેય તેમનું સન્માન આપવામાં આવ્યું ન હતું, એને આજનું ભારત સુધારી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યુ હતું કે નેતાજી સુભાષચંદ્ર બોઝ આઝાદ હિન્દ ભારતના પ્રથમ વડાપ્રધાન હતા, આઝાદ હિન્દ ફૌજને ક્યારેય પણ એટલું સન્માન આપવામાં આવ્યું નહીં. દેશનાં ૫૦૦થી વધુ રજવાડાંને એક કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ સાથે શું થયું, એ બધા જ જાણે છે. અમારી સરકારે સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમા બનાવી.

વડાપ્રધાન મોદીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે નવા કૃષિ કાયદા દ્વારા નાના ખેડૂતોને લાભ થશે, સાથે સાથે ખેડૂતોને લાભ થવાની શરૂઆત પણ થઈ ગઈ છે. કૃષિ કાયદાઓને લઈને ઘણા પ્રકારનો પ્રચાર કરવામાં આવ્યો, જેમણે વિદેશી કંપનીઓ માટે માર્ગ ખોલ્યો, તેઓ સ્થાનિક કંપનીઓને ડરાવી રહ્યા છે. હવે ખેડૂતો જ તેમની પોલ ખોલવા માંડ્યા છે. યુપી સરકારે શેરડીના ખેડૂતો, શુગર મિલોને લગતી સમસ્યાઓ દૂર કરી છે.

## જમ્મુ-કાશ્મીરના બિજબેહાડામાં આઈઈડી વિસ્ફોટ, કોઈ જાનહાનિ નહીં

શ્રીનગર,તા.૧૬

દક્ષિણ કાશ્મીરમાં અનંતનાગ જિલ્લાના પજલપુરા બાજભારામાં આતંકવાદીઓએ ટિપર વાહનોમાં આઈઈડી વિસ્ફોટ થયો હોવાની માહિતી મળી છે. ઘટના પછી સમગ્ર વિસ્તારને સુરક્ષા બળના જવાનોએ ઘેરી લીધો છે. પોલીસે આ અંગેના મામલાની તપાસ શરૂ કરી દીધી છે. આ અંગે મળતી માહિતી અનુસાર, આતંકવાદીઓએ ટિપર વાહનોમાં ઓછી તીવ્રતાવાળા આઈઈડી રાખ્યું હતું, જેમાં વિસ્ફોટ થયો હતો.

આ ઘટનામાં કોઈ પણ ઈજાગ્રસ્ત થયા હોય તેવા કોઈ સૂચના નથી. ઘટનાસ્થળ પર ઊભા રહેલા વાહનોને ખૂબ જ નુકસાન થયું હતું.

એક પોલીસ અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, આતંકવાદીઓએ દક્ષિણી કાશ્મીરમાં અનંતનાગ જિલ્લાના બિજબહેડાના પજાલપોરા વિસ્તારમાં આવેલા સીઆરપીએફના કેમ્પના વાહનને નિશાન બનાવ્યું હતું.

જોકે, આ વિસ્ફોટ બાદ સુરક્ષા બળોએ હવામાં કેટલીક ગોળીઓ પણ ચલાવી વિસ્તારની ઘેરી લીધો હતો. પોલીસે હમલાખોર આતંકવાદીઓની તપાસ શરૂ કરી છે.

## કોરોનાના ૧-૨ કેસ નોંધાય તો ઓફિસ બંધ કરવાની જરૂર નથી, સેનિટાઇઝેશન પછી કામ શરૂ

ન્યુ દિલ્હી,તા.૧૬

યુનિયન હેલ્થ મિનિસ્ટ્રીએ ઓફિસ અથવા વર્કપ્લેસ વિશે નવી એસઓપી જાહેર કરી છે. એમાં જણાવ્યા પ્રમાણે, જો કોઈ ઓફિસમાં કોરોનાના કેસ મળે છે તો એ એરિયાને ડિસઈન્ફેક્ટેડ કર્યા પછી ફરી કામ શરૂ કરી શકાય છે. એના માટે આખા બિલ્ડિંગને બંધ કે સીલ કરવાની જરૂર નહીં પડે. મિનિસ્ટ્રીના જણાવ્યા પ્રમાણે, કોઈ ઓફિસમાં ૧ કે ૨ કેસ મળે છે તો ડિસઈન્ફેક્શનની પ્રોસેસ માત્ર એ જગ્યાએ હશે, જ્યાં દર્દી છેલ્લા ૪૮ કલાકમાં હાજર રહ્યો હોય. ત્યાર પછી પ્રોટોકોલના હિસાબથી કામ ફરીથી શરૂ કરી શકાય છે. જો વર્કપ્લેસ પર મોટી સંખ્યામાં કોરોનાના કેસ સામે આવે છે, તો આખા બ્લોક અથવા બિલ્ડિંગને ડિસઈન્ફેક્ટેડ કરવું જોઈએ.

ગાઈડલાઈન્સમાં કહેવામાં આવ્યું છે કે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં મેડિકલ અને જરૂર સર્વિસને બાદ કરતાં તમામ ઓફિસ બંધ રહેશે. માત્ર કન્ટેન્મેન્ટ ઝોનથી બહાર ઓફિસ ખોલવાની મંજૂરી હશે. જ્યાં સુધી શક્ય હોય, તમામ મીટિંગ્સ વીડિયો-કોન્ફરન્સ દ્વારા જ કરવી જોઈએ. વધુ લોકોના એકસાથે ભેગા થવા પર પ્રતિબંધ યથાવત્ રહેશે. કન્ટેન્મેન્ટ ઝોનમાં રહેતા અધિકારી અને સ્ટાફે તેમના મેનેજરને આ અંગેની જાણ કરવાની રહેશે. કન્ટેન્મેન્ટ ઝોન સમાપ્ત ન થાય ત્યાં સુધી તેમણે ઓફિસ ન આવવું જોઈએ. આની જગ્યાએ આવા કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવી જોઈએ. આ ઉપરાંત વર્કપ્લેસમાં એન્ટ્રી વખતે હાથ સાફ કરવા અને થર્મલ સ્ક્રીનિંગ પણ જરૂરી હશે. માત્ર એવા સ્ટાફ અને વિઝિટર્સને એન્ટ્રીની મંજૂરી મળશે, જેમાં કોરોનાનાં લક્ષણ નહીં હોય. મિનિસ્ટ્રીએ કહ્યું હતું કે તમામ કર્મચારીઓ અને વિઝિટર્સને કોરોનાને અટકાવવાના ઉપાય કરવા જોઈએ, જેમાં ૬ ફૂટનું અંતર જાળવી રાખવું, ફેસ કવર કે માસ્કનો ઉપયોગ કરવો અને સતત હાથ ધોવાની આદત સામેલ છે.

લોકોના વારંવાર અડવાની જગ્યા પર ઓછામાં ઓછી ૨ વખત સાફસફાઈ થવી જોઈએ. ઓફિસ અને અન્ય વર્કપ્લેસ એકબીજા સાથે જોડાયેલાં હોય છે. એટલા માટે અહીં, લિફ્ટ, સીડી, પાર્કિંગ, કેન્ટીન, મીટિંગ રૂમ અને કોન્ફરન્સ હોલમાં કોરોના ઝડપથી ફેલાઈ શકે છે. સંક્રમણને ફેલાવાથી અટકાવવાની જરૂર છે. કોરોનાના શંકાસ્પદોની ઓળખ થાય ત્યારે જરૂરી ઉપાય કરવા જરૂરી છે, જેથી ફેલાવાને સીમિત કરી શકાય.

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા ૯,૧૨૧ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૧૬

છેલ્લા બે અઠવાડિયાથી દેશમાં દરરોજ કોરોનાના ૧૫,૦૦૦ થી ઓછા કેસ નોધાઇ રહ્યા છે. આ સિવાય મોતનો આંકડો પણ છેલ્લા દોઢ મહિનામાં ઘટીને ૨૦૦ થી નીચે આવી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૯,૧૨૧ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, ગઈકાલે ૮૧ લોકોનાં મોત થયાં હતાં. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે દેશમાં અત્યાર સુધીમાં ૮૭ લાખથી વધુ લોકોને રસી આપવામાં આવી છે. દેશવ્યાપી રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય કર્મચારીઓને બીજી રસી મળવાનું શરૂ થયું છે.

આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજેતરના આંકડા મુજબ દેશમાં કોરોનાના સકારાત્મક કેસની સંખ્યા ૧,૦૯,૨૫,૭૧૦ પર પહોંચી ગઈ છે. તેમાંથી ૦૧,૫૫,૮૧૩ લોકોનાં મોત નીપજયાં છે. દેશમાં હાલમાં સક્રિય કેસની સંખ્યા એક લાખ ૩૬,૮૭૨ છે અને ડિસ્ચાર્જ થયેલા કેસોની કુલ સંખ્યા એક કરોડ ૬,૩૩,૨૫ છે. અત્યાર સુધીમાં ૮૭,૨૦,૮૨૨ લોકોને કોરોના વાયરસની રસી આપવામાં આવી છે. દેશમાં કોરોના રીકવરી દર હવે વધીને ૯૭.૩૧ ટકા થઈ ગયો છે, જ્યારે મૃત્યુ દર ઘટીને ૧.૪૩ ટકા થઈ ગયો છે. કુલ ૩૧ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૫૦૦૦થી ઓછા સક્રિય કેસ છે. તે જ સમયે, કુલ સક્રિય કિસ્સાઓમાં ૭૯.૬૯ ટકા પાંચ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોના છે.

## બંગાળમાં ચૂંટણી વચ્ચે મોહન ભાગવતે મિથુન સાથે મુલાકાત કરતા રાજકારણ ગરમાયું

મુંબઈ,તા.૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના માહોલ વચ્ચે ફિલ્મ અભિનેતા મિથુન ચક્રવર્તી સાથે મુલાકાત કરી છે. બંન્ને વચ્ચે આ મુલાકાત મુંબઈમાં થઈ છે. આરએસએસના વડા મોહન ભાગવત જાતે મંગળવારે સવારે મુંબઈમાં મિથુન ચક્રવર્તીના ઘરે પહોંચ્યા હતા. બંને વચ્ચેની આ બેઠક સવારે થઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મિથુન નાગપુર ગયો હતો અને આરએસએસ પ્રમુખ મોહન ભાગવત સાથે મુલાકાત કરી હતી, ત્યારબાદ તેમણે મુંબઈમાં તેમના ઘરે આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું.

હવે જયારે બંગાળ વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ એક ચહેરો શોધી રહી છે, આવી સ્થિતિમાં આરએસએસ પ્રમુખ સાથે મિથુનની બેઠક ખૂબ મહત્વની માનવામાં આવી રહી છે. હાલમાં આ રાજકીય અટકળો છે. નોંધનીય છે કે, બંગાળની ધરતીમાં જન્મેલા મિથુન દાની પ્રોફાઈલમાં ડિસ્કો ડાન્સરથી લઈને સામાજિક કાર્યકર અને રાજનેતા સુધીના અનુભવો સામેલ છે. તેઓ રાજ્યસભાના સાંસદ પણ રહી ચૂક્યા છે. રસપ્રદ વાત એ છે કે તેમને તૃણમૂલ કોંગ્રેસે જ રાજ્યસભામાં મોકલ્યા હતા, જેમના ઘણા વરિષ્ઠ નેતાઓ હવે ભાજપમાં જોડાયા છે. જો કે બે વર્ષ બાદ મિથુને રાજીનામુ આપી દીધુ હતું.

બંગાળમાં અત્યારે ચૂંટણીનો માહોલ ચરમસીમાએ છે અને ભાજપ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સ્થાનિક ચહેરાની શોધમાં છે, તો એવામાં મિથુન સાથે આરએસએસના વડાની આ બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. હમણાં સુધી બીસીસીઆઈ પ્રમુખ અને ભૂતપૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલી વિશે રાજકીય અટકળો ચાલી રહી હતી, પરંતુ જયારે તેમને હાર્ટ એટેક આવ્યો ત્યારથી ગાંગુલીનું નામ રાજકારણ સાથે હવે નથી જોડવામાં આવતું.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૬૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૫૭૫૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૭૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૯૭૫૫**

## તંત્રી સ્થાનેથી...

# સ્થાનિક સ્વરાજ્યની ચૂટણીઓમા કોંગ્રેસની બેહાલી કોને આભારી...?

**ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જેમા ખાસ કરીને મહાનગરપાલિકાઓમાં ઉમેદવારો, ટેકેદારો અને કાર્યકરો ચૂંટણીના પડઘમ જોરશોરથી વગાડી રહ્યા છે પરંતુ આમ પ્રજામાં આજની તારીખે જે પ્રકારનો ઉમળકો હોવો જોઈએ તેનો સદંતર અભાવ દેખાઈ રહ્યો છે. અને તેનું કારણ છે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસમા આંતરિક ખેચા તાણી અને ઉમેદવાર પસંદગી બાબતે વિરોધ કે અસંતોષ જો કે આ બંને પક્ષમાં કોંગ્રેસ ઉમેદવાર પસંદગી બાબતમાં યાદવાસ્થળી જામી છે જેમાં કોંગ્રેસ પ્રથમ ક્રમે મેદાન મારી જાય છે.....! અને હવે તેના કાર્યકરો આંતરિક ચર્ચામાં કહેતા થઈ ગયા છે કે કેટલાક નેતાઓએ કોંગ્રેસ ખતમ કરવા સોદાબાજી કરી લાગે છે નહીં તો પાયાના અને કાયમી પક્ષની સાથે જોડાયેલા પક્ષને વફાદાર અને પક્ષના દરેક કાર્યક્રમમાં ભાગ લેનારા કાર્યકરોની ટિકિટ કાપવામાં આવી ન હોત, કે મારા-તારા ,વહાલા દવલાની નીતિ અપનાવી ન હોત.... અને હવે તો આવતા રવિવારે મતદાન છે છતા ઉમેદવારો સામેનો વિરોધ કે હોબાળો શમતો નથી. તો ખુદ ઉમેદવાર પસંદગીકાર જાહેર સભામાં સ્થાનિક નેતાનું અપમાન કરી સ્ટેજ પરથી નીચે ઉતારી દે આ કેવી ગાંધીજીની કોંગ્રેસ...? મહાનગર પાલિકા ચૂંટણીમાં ઉમેદવાર પસંદગી બાબતે કોંગ્રેસ અને ભાજપમા રાજીનામાં આપવાની રમઝટ ચાલી તેમાં પણ કોંગ્રેસ પ્રથમ ક્રમે છે....તેમાં પણ જામનગર કોંગ્રેસે રેકોર્ડ કર્યો છે..... જ્યા રાજીનામા આપનાર કાર્યાલય પર ગયા પરંતુ અગાઉથી ચેતી ગયેલ નેતાગણ ઓફિસથી દૂર રહ્યા અને ઓફિસે તાળા લટકાવી દીધેલા... પરંતુ રાજીનામાં આપનારાઓએ પોતાના રાજીનામા પત્રો ઓફિસના પ્રવેશ દરવાજે લટકાવી દીધા. જોકે મનપા જેવી સ્થિતિ જિલ્લા પંચાયત,નગરપાલિકા વિસ્તારોમાં પણ સર્જાઈ છે....! ભાજપે આ બઃબતમા હરખાવાની જરૂર નથી કારણ કે રાજકોટમાં તો ઉમેદવારને મહિલાઓએ માર મારતો વિડીયો સોશિયલ મીડિયામાં ફરી વળ્યો છે તો અનેક કાર્યકરોએ રાજીનામાં આપી દીધા છે. તેમાંના કેટલાક કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. ત્યારે હવે કોંગ્રેસ મોવડી મંડળે ગુજરાતમાં વિશેષ ધ્યાન આપવું પડશે નહીં તો સફાયો ચોક્કસ થઈ શકે.....!!!**

**વડાપ્રધાન શ્રી મોદીજી કેન્દ્રના આરોગ્ય મંત્રાલય અને રાજ્યના મુખ્યમંત્રી સહિતના મંત્રીશ્રીએ આમ આમ પ્રજાને કોરોના થી બચવા માસ્ક બાંધવા માટે અને હાથ ધોવા માટે સતત સલાહ અને ખેતીની આપતા રહ્યા પરંતુ ચૂંટણીમાં તેઓનું સાંભળે કોણ ઉમેદવારી નોંધાવવા થી લઈને મતદારોનો સંપર્ક જાહેર સભા અને રેલી નીકળી પરંતુ ઉમેદવાર તેના ટેકેદારો સાથે ના નેતાઓ અને કાર્યકરો ના મોઢે બાંધેલા જોવા મળતા ન હતા મતલબ કરો પરિણામ એ આવ્યું કે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને સાંસદ ચાવડા ભીખુભાઈ દલસાણીયા તેમજ મુખ્ય મંત્રીના અંગત સચિવ પેટમાં આવી ગયા ત્યારે તેમના સંપર્કમાં આવેલા નું શું પરિણામ આવશે.....? મહારાષ્ટ્ર રાજ્યમાં છેલ્લા ૪૨ દિવસ બાદ એક સાથે ૩૩૬૫ કેસ નોંધાતા કેરળને પાછળ મુકી દીધું છે તેવી સ્થિતિ ચુંટણીઓ પૂરી થતા પેદા તો નહીં થાય ને....? તેવી શંકાઓ વ્યક્ત કરતા સવાલો સાથે જાગ્રત લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે.....!?!**

# મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ વધતા ફરી લોકડાઉનના ભણકારા

મુંબઈ,તા.૧૬

કોરોના વાઈરસના નવા કેસની સંખ્યામાં ૪૨ દિવસ સુધી ઘટાડો નોંધાવ્યા બાદ મહારાષ્ટ્ર રાજ્યમાં આ રોગચાળાના નવા કેસ નોંધાયા છે અને એ સાથે જ દેશમાં કોરોનાગ્રસ્ત રાજ્યોની યાદીમાં મહારાષ્ટ્ર ફરી ટોપ પર આવી ગયું છે. કેરળ બીજા સ્થાને ઉતરી ગયું છે. સત્તાવાળાઓને દહેશત છે કે ચેપનું નવું મોજું ફરી વળશે. મહારાષ્ટ્રમાં ગઈ કાલે કોરોનાના નવા ૩,૩૬૫ કેસ નોંધાયા હતા.

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે કહ્યું છે કે જો કેસ વધવાનું ચાલુ રહેશે તો મુખ્ય પ્રધાન સાથે ચર્ચા કર્યા બાદ અમારે કડક પગલું ભરવું પડશે. લોકો માસ્ક પહેરતા નથી. આ પરિસ્થિતિ ઘણી ગંભીર છે. એને કારણે આપણે આકરી કિંમત ચૂકવવી પડશે. દરમિયાન, અકોલા જિલ્લામાં કોરોનાના કેસ વધી જતાં જિલ્લા અધિકારીએ સમગ્ર જિલ્લામાં કફર્યૂ લાગુ કરવાનો આદેશ આપી દીધો છે. અનલોક કર્યા બાદ ફરી કફર્યૂ લાગુ કરનાર મહારાષ્ટ્ર રાજ્યમાં આ બીજો જિલ્લો બન્યો છે. આ પહેલાં અમરાવતી જિલ્લામાં કફર્યૂનો આદેશ અપાયો હતો.

# અજમેર-શરીફ દરગાહ પર ૭મી-વાર વડાપ્રધાનને નામે ચાદર ચઢશે

ન્યુ દિલ્હી,તા.૧૬

વડા પ્રધાન મોદી તરફથી મહાન સૂફી સંત હજરત ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તીની અજમેર સ્થિત દરગાહ પર ચાદર ચઢાવવામાં આવશે. મુખ્તાર અબ્બાસ નકવી વડા પ્રધાનના નામની ચાદર અજમેર દરગાહ પર ભેટ કરશે. આ સાતમી વાર છે, જ્યારે વડા પ્રધાને ખ્વાજાની દરગાહ પર ચાદર ચઢાવવા માટે ચાદર મોકલી છે. વડા પ્રધાન મોદીએ ગયા વર્ષે પણ ખ્વાજાની દરગાહ પર ચાદર ચઢાવવા માટે મોકલી હતી.

ત્યારે પણ મુખ્તાર અબ્બાસ નકવી જ ચાદર લઈને અજમેર ગયા હતા. વડા પ્રધાન તરફથી દરગાહ પર પીળા રંગની ઘેરી ચાદર લઈ જવામાં આવી છે, જે શાંતિનું પ્રતીક માનવામાં આવે છે.

અજમેર શરીફની દરગાહ પર ચઢાવવા માટે ચાદર મોકલતાં પહેલાં વડા પ્રધાને કેટલાક મુખ્ય લોકો સાથે મુલાકાત કરી હતી. અજમેર દરગાહ પર ચાદર ચઢાવવાની માહિતી ખુદ વડા પ્રધાને ટ્વીટ કરીને આપી હતી. અજમેરની દરગાહ પર ગરીબ નવાઝના ૮૦૯ના ઉર્સના પ્રસંગે આ ચાદર વડા પ્રધાન તરફથી તેમને ભેટ કરવામાં આવી હતી.

## પુંડુચેરી કોંગ્રેસને મોટો ઝટકો

# ૪ ધારાસભ્યોના રાજીનામાં બાદ સરકાર અલ્પમતમાં




પુંડુચેરી,તા.૧૬

કેન્દ્ર શાસિત પ્રદેશ પુંડુચેરીમાં આ વર્ષ ચૂંટણી થવાની છે. આ વચ્ચે રાજ્યમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. અહિયાંના ૪ ધારાસભ્યોના રાજીનામા અને એક ધારાસભ્ય અયોગ્ય જાહેર કરવામાં આવતા પાર્ટીને બહુમત ગુમાવી દીધો છે. ખાસ વાત એ છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ચૂંટણીની ચર્ચા માટે પુંડુચેરી પહોંચવાના હતા. આ પહેલા જ કોંગ્રેસ નેતાઓએ પાર્ટી છોડી દીધી છે. ૫ ધારાસભ્યોના નુકશાનથી કોંગ્રેસ પાર્ટીએ પુંડુચેરી ભારે કિંમત ચુકવવવી પડી છે. પાર્ટી રાજ્યમાં બહુમત ગુમાવી ચુકી છે. થોડા દિવસ પહેલા પાર્ટીના એક બાદ એક ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા હતા. કેટલાકે તો ટ્વિટરના માધ્યમથી રાજીનામાની જાહેરાત કરી હતી. ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રસે ૧૫ સીટ પર વિજય મેળવ્યો હતો જ્યારે તેમની ગઠબંધન પાર્ટી ડીએમકેને ૪ સીટ મળી હતી.

સાથે એક અપક્ષ ઉમેદવારે સમર્થન આપ્યું હતું. તેની સામે એમઆર કોંગ્રેસને ૭, તેના સહયોગી એઆઈએડીએમકેને ૪ સીટ પર જીત મળી હતી. જો કે ગવર્નર કિરણ બેદીએ બીજેપીના ત્રણ લોકોને વોટિંગ અધિકાર આપી દીધો હતો, જેના કારણે ૩૦ સદસ્યીય સભાની ગણતરી વધીને ૩૩ થઈ ગઈ હતી. પુંડુચેરીના મુખ્યમંત્રી વી નારાયણસ્વામીએ ગવર્નર પર કામ નહીં કરવા દેવાનો આરોપ લગાવ્યો હતો. તાજેતરમાં જ તેમણે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરીને કિરણ બેદી સામે મેમોરેંડમ સોપ્યું હતું.

નારાયણસ્વામીએ રાષ્ટ્રપતિને આ મામલે સંજ્ઞાન લેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતુ કે, ગર્વનર તરફથી અધિકારીઓને ધમકીઓ મળી રહી છે. જેના કારણે તેઓ સારી રીતે કામ કરી શકતા નથી. સીએમએ પ્રધાનમંત્રી મોદી અને કિરણ બેદી પર પુંડુચેરીનો દરજો બદલાવાનો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો કે, તે કેન્દ્ર શાસિત રાજ્યને તમિલનાડુમાં ભેળવી દેવા માગે છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી સાથ મળીને પ્રધાનમંત્રી અને ગવર્નર ધીમે ધીમે પુંડુચેરી સરકારને તેની તાકતોથી વંચિત કરવા માગે છે અને ચૂંટાયેલી સરકાર દ્વારા લાવવામાં આવતી કલ્યાણકારી યોજનામાં બાધા ઉભી કરવામાં આવે છે.

# સ્કોર્પિન કલાસની ત્રીજી સબમરીન આઈએનએસ કરંજ ભારતીય નેવીમાં સામેલ



ન્યુ દિલ્હી,તા.૧૬

ભારતીય નૌકાદળ હવે વધુ શક્તિશાળી બની ગઈ છે. સ્કોર્પિન કલાસની ત્રીજી સબમરીન ૈંદ્બજી કરંજ ભારતીય નેવીમાં સામેલ થઈ છે. આ સબમરીનનું નામ આઈએનએસ કરંજ રાખવામાં આવ્યું છે. તેના સમાવેશ સાથે ભારતની સ્થિતિ પણ વધુ મજબૂત બની છે. દરિયામાં લાંબો સમય સુધી ડુબેલી રહીને દુશ્મનો પર નજર રાખી ટાર્ગેટનો ખાત્મો બોલાવતી સબમરિન ભારતીય નૌ સેનામાં સામેલ થઈ રહી છે.

ખરેખર, આઈએનએસ કરંજ સ્કોર્પિન ક્લાસ સબમરીન નેવીના પ્રોજેક્ટ-૭૫ અંતર્ગત બનાવવામાં આવી રહી છે. નૌસેનાને તેમાં ૬ સબમરીન મળવા જઈ રહી છે, જેમાંથી ત્રણ અત્યાર સુધી નેવીમાં જોડાઇ ચૂકી છે. આઈએનએસ કરંજ એ આ પ્રોજેક્ટની પાણી અને ઈલેક્ટ્રિક પાવર બંનેથી સજ્જ ત્રીજી સબમરીન છે. તેની વધુ સુવિધાઓ જાણતા પહેલા, અન્ય ૩ સબમરીન વિશે પણ થોડું જાણી લઈએ, જે ટૂંક સમયમાંજ ભારતીય નેવીનો હિસ્સો બનવાની છે. ભારતીય નૌકાદળમાં અત્યાર સુધી બે સબમરિન જોડાઈ ચુકી છે. ત્રીજી આઈએનએસ કરંજ આજે જોડાઈ રહી છે. તો ચોથી સબમરિનનું નામ વેલા છે, જે હાલમાં સમુદ્રમાં તેનો ટ્રાયલ રન ચાલી રહ્યો છે. તે જ સમયે પાંચમી સબમરીન વજીરની પણ દરિયાઇ ટ્રાયલ ચાલી રહી છે. આ સિવાય છઠ્ઠી સબમરીનનું સ્ટ્રક્ચરીંગ – બનાવવાનું કામકાજ અંતિમ તબક્કામાં છે.

# ઉચ્છલના પોલ્ટ્રીફાર્મમાં ૧૭હજાર મરઘીનો નાશ કરાશે, ૬ માંથી ૨નો રિપોર્ટ પોઝિટિવ

સોનગઢ,તા.૧૬

મહારાષ્ટ્રના નવાપુર ખાતે પોલ્ટ્રીફાર્મમાં મરઘીમાં બર્ડફ્લૂ ફેલાતા નજીકના ઉચ્છલના ૧ પૉલ્ટ્રીફાર્મમાંથી ૬ મરઘીના સેમ્પલ ભોપાલ મોકલાયા હતા. જે પૈકી ૨માં બર્ડફ્લૂ પોઝિટિવ રિપોર્ટ આવતા મંગળવારથી મરઘી અને ઈંડાનો નાશ કરાશે. ઉચ્છલના નેશનલ પોલ્ટ્રીફાર્મમાં ૧૭,૦૦૦ મરઘી છે અને ત્યાં ગત શુક્રવારથી ઉચ્છલ પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી ફાર્મમાંથી ઈંડાં કે મરઘી બહાર કાઢવા પર પ્રતિબંધ છે. સંભવતઃ મંગળવારથી તંત્ર મરઘીને કિલિંગ કરવાનું ઓપરેશન શરૂ કરશે. ઉચ્છલના કુલ ૪ પૉલ્ટ્રીફાર્મ પૈકી ૨ હાલમાં ખાલી છે અને ૨માં પક્ષીઓ હોવાનું જાણવા મળ્યું છે ત્યારે નેશનલ ફાર્મ સિવાયના અન્ય ફાર્મમાં પણ તપાસ શરૂ કરાઈ છે. આ અંગે તાપીના જિલ્લા પશુપાલન નિરીક્ષક અક્ષય શાહે કહ્યું કે, ઉચ્છલના નેશનલ પૉલ્ટ્રીફાર્મમાંથી ગત ૧૩મી એ ૬ સેમ્પલ બર્ડફ્લુની તપાસ અર્થે લેબમાં મોકલ્યા હતા જેમાં ૨ પોઝિટિવ હોવાનો રિપોર્ટ સોમવારે આવ્યો છે. જેથી ડાયરેકટરને જાણ કરાતા ત્યાંથી પશુપાલન વિભાગનો સ્ટાફ અને સક્ષમ અધિકારીઓ ઉચ્છલ પહોંચી રહ્યા છે. એકાદ દિવસ બાદ પૉલ્ટ્રીફાર્મના મરઘાનો નાશ કરાશે.અગાઉ વર્ષ ૨૦૦૬માં પણ નવાપુરથી ઉચ્છલમાં બર્ડફ્લુ પ્રસર્યો હતો. ત્યારે હાલમાં ફરી એક વાર રાજ્યમાં પ્રથમ વાર મરઘીમાં બર્ડફ્લુના કેસ ઉચ્છલમાં જોવા મળ્યા છે.

# બાઈડેન પ્રશાસનમાં ભારતીય મૂળના લોકોનો વધ્યો દબદબો

વોશિંગટન,તા.૧૬

અમેરિકામાં બિડેન પ્રશાસનમાં ભારતીય મૂળના લોકોનું મહત્વ વધી રહ્યું છે. બાયડન વહીવટીતંત્રે જાહેર સેવા ક્ષેત્રના બે ભારતીય મૂળના નિષ્ણાતોની સ્વયંસેવા અને સેવા માટે સંઘીય એજન્સી એમેરિકોપ્સના મુખ્ય હોદ્દા પર નિમણૂક કરી છે. સોનાલી નિઝવાનને અમેરિકોર્પ્સ સ્ટેટ એન્ડ નેશનલની નિયામક અને પ્રેસ્ટન કુલકર્ણી (૪૨)ને વિદેશી બાબતોના નવા વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કુલકર્ણી ટેક્સાસથી બે વખત કોંગ્રેસ માટે ચૂંટણી લડ્યા હતા, જેમાં તેઓ નિષ્ફળ રહ્યા હતા. અમેરિકોર્પ્સ દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, નિઝવાન અને ડેન કોલ સાથે કુલકર્ણીની નિમણુક, વિવિધ નેતૃત્વ પ્રત્યે બાઈડેન પ્રશાસનની પ્રતિબદ્ધતા દર્શાવ છે. અમેરિકોર્પ્સે કહ્યું કે, આ નેતાઓ તેમની ભૂમિકામાં વહીવટના કાર્યસૂચિને ટેકો આપવા માટે સેવાનો ઉપયોગ કરશે અને અમારા સમયની ચાર સૌથી મોટા પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં કોવીડ-૧૯, આર્થિક સુધારા, વંશીય સમાનતા અને આબોહવા પરિવર્તનનો સમાવેશ થાય છે. કુલકર્ણી એમેરિકોર્પ્સમાં તેમની સેવા અને જાહેર બાબતોના વિવિધ શ્રેણીના અનુભવનો ઉપયોગ કરશે. તેમાં ૧૪ વર્ષથી વિદેશ વિભાગના અધિકારી તરીકે તેમની સેવાનો સમાવેશ થાય છે. નિઝવાન વિવિધ નેતાઓ સાથે કામ કરી ચુકી છે. તે સ્ટોકટન સર્વિસ કોર્પ્સની એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે સેવા આપી ચુકી છે. સોનાલી નિઝવાન અને પ્રેસ્ટન કુલકર્ણી ઉપરાંત અન્ય ભારવંશી રોહિત ચોપરાને કન્ઝ્યુમર ફાઈનાન્શિયલ પ્રોટેક્શન બ્યુરોના વડા પદ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# પૈસાની તકરારમાં, ગૂમાવશો નહીં પ્યાર




સરવાળે સંબંધ
મેઘા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com



આજના સમાજ અને વાતાવરણમાં લોકો માટે પૈસો પરમેશ્વર બની ગયો છે. દરેક સંબંધને પૈસાથી તોલવામાં આવે છે. તેમાં પતિ-પત્નીના સંબંધમાં જો પૈસાની ગણતરી અને તારું-મારું થવા લાગે તો આ સંબંધમાં જે કડવાશ આવે છે તે સંબંધનો અંત લાવી દે છે. દરેક ઘરમાં આ બાબત બનતી જ હોય છે. ઘણીવાર પત્ની પૈસા સંતાડતી હોય છે. તેને જ્યારે પતિ તરફથી પૂછવામાં આવે તો એક જ જવાબ હોય છે કે સંકટના સમયે આ પૈસા જકામ લાગશે.કોણ જાણે ક્યારે અને કેવી રીતે આ પૈસા પતિ-પત્નીના સંબંધોમાં દરાર ઊભી કરવા લાગે છે.

લગ્નના પહેલા જ વર્ષમાં ઘણાખરા પતિ-પત્નીના ઝઘડા પૈસાના કારણે જ થતાં હોય છે. અત્યારના સમયમાં પતિ-પત્ની બંને નોકરી કરતા હોય છે. તેના કારણે તારા પૈસા અને મારા પૈસાની રકઝક મોટાભાગે જોવા મળે છે. તારા-મારા પૈસા મળીને આપણા પૈસા કેમ નથી બની શકતા તે વસ્તુ સમજી શકાતી નથી. આ એક વિચારવા જેવો સવાલ છે. પૈસા માટેના ઝઘડા ઘણીવાર લગ્ન પહેલાથી જ શરૂ થઈ જાય છે. લગ્નમાં ક્યા પક્ષના લોકો કેટલો ખર્ચ કરશે, લગ્ન બાદ ઘર કે ગાડી ખરીદવી હોય તો બંનેમાંથી કોણ લોન લેશે, ઘરની જવાબદારીઓ પૂરી કરવા માટે કોનું બેંક બેલેન્સ ઓછું થશે. આવા તો કેટકેટલાય પ્રશ્નો સાંભળવા મળે છે. આવી અનેક વાતોનો અંત આવતો નથી, તો ક્યારેક તે નિયિમિતઅને રોજીંદી બની જાય છે. આજે છૂટાછેડાના કેસ પણ વધારે બની રહ્યા છે, જેમાં ૬૦ ટકા છૂટાછેડા પૈસાના કારણે જ થતાં હોય છે. પૈસાને સંબંધ કરતા વધારે મહત્વ આપી દેવામાં આવે ત્યારે આ પ્રકારની પરીસ્થિતી ઊભી થાય છે. મોટાભાગે માતા-પિતા પોતાની દીકરીના લગ્ન એવા પરીવારમાં કરાવે છે કે જે આર્થિક રીતે સદ્ધર હોય. છોકરો સારું કમાતો હોય.છતાંય મોટાભાગના યુગલો પૈસાના કારણે ઝઘડા કરતા જોવા મળે છે. આવી ઘટનાઓ પહેલા બનતી નહોતી, તેનું કારણ એ હતું કે મહિલાઓ પગારદાર નહોતી. હવે જ્યારે મહિલાઓ નોકરી કરીને કમાતી થઇ ગઇ છે, પુરુષની જેમ પગભર થઇ ગઇ છે, ત્યારે આવા પ્રકારની સમસ્યા વધવા લાગી છે.

આનો અર્થ એવો નથી કે તેના કારણે મહિલાઓ નોકરી ન કરે. આ પરિસ્થીતીમાં પરસ્પરની સમજણનો ઉપયોગ વધારે જરૂરી છે. કમાણી કરતી મહિલાને આર્થિક આત્મનિર્ભરતા પૈસાને નિયંત્રણમાં રાખવામાં વધારે મદદરૂપ બને છે. ઘણીવાર તો સજાગ મહિલાઓ પોતાના પર્સની સાથે સાથે પતિના પાકીટ પર પણ હક રાખે છે અને એજ રીતે ઘણા પતિદેવો પણ પત્નીની કમાણી પર પોતાનો અધિકાર ઈચ્છે છે. પુરુષ પ્રોપર્ટી કે કાર ખરીદવા માટે પૈસાની બચત કરે છે જ્યારે મહિલાઓ કપડાં, અને જ્વેલરીમાટે તેની બચત કરે છે. પુરુષને લાગે છે કે મહિલાઓ વધારે ખર્ચ કરે છે અને મહિલાઓને લાગે છે કે પુરુષ વધારે ખર્ચ કરે છે. ઘણીવાર પૈસાની બચતની દલીલો અર્થ વગરની લાગે છે. મહિલાઓ કહેતી હોય છે કે પોતે ઘરની ભલાઇ અને સંકટ સમયની સાંકળરૂપે પૈસા બચાવે છે, જ્યારે પતિને જરૂરીયાત હોય ત્યારે મદદ કરે છે. અહીં પુરુષ ખર્ચ વધારે કરે છે કે સ્ત્રી તે અલગ બાબત છે. ઘણા લોકો સ્વભાવથી જ ખર્ચાળ હોય છે. તો કેટલાકના માથે કૌટુંબિક જવાબદારીઓનો ભાર હોય છે.

પૈસાના કારણે લગ્ન પછી થતા ઝઘડાનો અંત લાવવા લગ્ન પહેલા જ દરેક બાબતની સ્પષ્ટતા કરી લેવી જોઇએ. સંકટ સમયે થોડા પૈસા બચાવવા તે સારી વાત છે પણ પાર્ટનરથી છૂપાવીને સિક્રેટ સેવિંગ કરવું તે સંબંધમાં શંકાનો કીડો ઉત્પન્ન કરે છે. આવી બાબત ભવિષ્યમાં ઝઘડાનું મોટું સ્વરૂપ બનીને બહાર આવે છે.

સંબંધમાં શરૂઆતથી જ પારદર્શકતા બનાવી લેવી જોઇએ. પુરુષ પોતાની બેંક લોન અને ઘરની જવાબદારીઓ વિશે પહેલાથી જ તેની પત્નીને માહિતગાર કરી દે તો આગળ જતા કોઇપણ વાત વિવાદ બનતી નથી.

પૈસો એક એવો અંગત વિષય છે કે જેને લઇને કોઇ રહસ્ય રાખવું ન જોઇએ. આ વિષય પર દરેક પતિ-પત્નીએ ચર્ચા કરવી જોઇએ. ઘણા પતિ-પત્નીના બેંકમાં જોઇન્ટ એકાઉન્ટ પણ નથી હોતા. ઘણાને તો એ પણ ખબર નથી હોતી કે પોતાના પાર્ટનર પર કેટલું કરજ છે, કે પછી તેના અકાઉન્ટમાં કેટલા રૂપિયા છે.તેણે ક્યા કેટલું રોકાણ કર્યું છે. જો આ બધી બાબતોને જાણકારી ન હોય અને અચાનક કંઇક આપત્તિ આવી જાય તો ખૂબ મોટી મુશ્કેલી પણ ઊભી થાય છે.

નવપરિણીત દંપતિ ક્યારેય પૈસાની બાબત પર ચર્ચા નથી કરતા જે બિલકુલ અયોગ્ય છે. હોમ લોન, કાર લોન, બિઝનેસ, એજ્યુકેશન અથવા પર્સનલ લોન અંગે લગ્ન પહેલા પાર્ટનરને જાણ કરવી ખૂબ જરૂરી છે. જેનાથી તે પહેલેથી જ આ તમામ ખર્ચ માટે માનસિક રીતે પોતાને તૈયાર કરી શકે. તેનો તમારા પર વિશ્વાસ વધારે દ્રઢ બને. જો તમારી પાર્ટનર પણ પગારદાર હોય તો તે રાજીખુશીથી તમને મદદરૂપ પણ બનશે જ, પણ તેના માટે વિશ્વાસ જીતવો ખૂબ જરૂરી છે.

લગ્નબાદ કે પાછળથી આવી પરિસ્થીતિની જાણ થતાં મહિલાઓ પોતાને સલામત કરવા પોતે ઘરખર્ચમાંથી બચત કરવા લાગે છે. પોતાનો પગાર બચાવે છે, કારણકે તેને તમારા પર વિશ્વાસ નથી કે તમે તેનું ભવિષ્ય સાચવશો. પરિણામે ઝઘડાનું મૂળ રોપાવાની શરૂઆત થવા લાગે છે. એટલે જ તો કહે છે કે ચેતતો નર સદા સુખી.

**ઝઘડા થવના કેટલાક મુખ્ય કારણો**

--- પગાર કરતા વધારે ખર્ચ થાય તો.

--- કરજ કે લોન લીધી હોય અને પાર્ટનરને ખબર ન હોય, તો ખબર પડતા કંકાશ થાય.

--- પગાર ઓછો હોય અને કરજ અથવા લોનમાં વધારે ચૂકવતા હો, જેના કારણે ઘર ચલાવવું મુશ્કેલ બને.

--- પોતાના પગારને વધારે મહત્વ આપીને પાર્ટનરની જવાબદારીઓથી મોં ફેરવી લેવું.

--- ઓછા પગારમાં પણ ઘર ન ચલાવી શકો.

--- પાર્ટનર પાસે એક એક રૂપિયાનો હિસાબ માંગવો.

--- પૈસાના કારણે આક્રમક વલણ રાખવું.

--- સંબંધ કરતા પૈસાને વધારે મહત્વ આપવું.

આમાં સુખી થવાની અદભૂત વાતો પણ જાણી લેવી જોઈએ.

--- પતિ-પત્નીએ મળીને ઘરનું બજેટનક્કી કરવું જોઇએ. જો પ્રસંગોપાત વધારે ખર્ચ થાય તો કોઇ વસ્તુમાં ઓછો ખર્ચ કરીને પણ ચલાવી લેવું જોઇએ.

--- આવક અને ખર્ચનો હિસાબ નક્કી કર્યા પછી કેટલી બચત કરશો તેની પણ તૈયારી રાખવી. જેની આવક વધારે છે, તેનો ખર્ચ અને બચત પણ વધારે થઇ શકે છે. તેના કારણે ખોટો વિવાદ ઊભો ન કરવો.

--- બચત ઉપરાંત આકસ્મિક ખર્ચની પણ તૈયારી રાખવી. જેથી સંકટ સમયે ઉપયોગમાં લઇ શકાય.

--- એકબીજાને એટલી સ્વતંત્રતા આપો કે પોતાના માટે ખર્ચ કર્યો હોય તો તેના પર સવાલ ન કરવો. બધી જ વસ્તુઓની જરૂરીયાત હોય છે. આવી નાની બાબતોને લઇને ચર્ચાઓ ન કરવી.

--- હું સાચો ને તું ખોટી જેવા અંદાજમાં પાર્ટનર સાથે વાત ન કરવી.

--- હંમેશા અવાજ એવોરાખો કે લોકોને એવું ન લાગવું જોઇએ કે તમે તેના પર હાવી થઇ રહ્યા છો. પૈસાના કારણે આક્રમક થવાથી બચો.

--- કૌટુંબિક શાંતિ માટે સમાધાન કરતા શીખો. જો પતિ કે પત્ની બેમાંથી કોઇ એક વધારે ખર્ચાળ હોય તો શાંતિ રાખીને એવી રીતે ઉપાય કરો કે તેને ખ્યાલ પણ ન આવે અને તેના ખર્ચા આપોઆપ ઘટી જાય.

--- બેંક અકાઉન્ટ, રોકાણ, મેડીક્લેઈમ કે અન્ય પોલીસીની તમામ જાણકારી પતિ-પત્ની બંનેને હોવી જોઇએ. જેથી સંકટ સમયે બચી શકાય.

--- કુટુંબમાં લગ્ન, બિમારી કે અન્ય પ્રસંગોએ કેવી રીતે મદદરૂપ બની શકશો તે વિચારવું, જેથી સંકટ વખતે મુશ્કેલીમાંથી બચી શકશો. બધી જવાબદારીઓ હળીમળીને નિભાવો.

--- સંબંધમાં પારદર્શકતા એવી હોવી જોઇએ કે રૂપિયા-પૈસાની બાબતમાં કંઇપણ છૂપાવવાની જરૂર ન પડે. દાંપત્ય જીવન વિશ્વાસ પર જ નભે છે.

# ચીનના વુહાનથી જ કોરોના વાઈરસ ફેલાયો હોવાનો WHOના રિપોર્ટમાં દાવો

જીનીવા,તા.૧૬

કોરોનાનો વાઈરસ ક્યાંથી ફેલાયો તેની તપાસ કરવા ગયેલી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની સમિતિને કોરોનાનો જીવલેણ વાઈરસ ચીનનાં વુહાનથી જ ફેલાયો હોવાનાં નક્કર પૂરાવા મળ્યા છે. હુંનાં રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, ડિસેમ્બર ૨૦૧૯માં આખી દુનિયામાં ફેલાયેલો કોરોના વાઈરસ ચીનનાં વુહાનથી જ ફેલાયો હતો. ચીને અત્યાર સુધી જેની તપાસ જ કરવા નથી દીધી તેવા હજારો બ્લડ સેમ્પલ્સ તત્કાળ ઉપલબ્ધ કરાવવા ચીનનાં સત્તાવાળાઓને તાકીદ કરાઈ છે. હું ટીમનાં મુખ્ય તપાસકર્તા પીટર બેન એમ્બાર્કે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, અમને વુહાનથી જ મોટાપાયે વાઈરસ ફેલાયો હોવાના પૂરાવા અને સંકેતો મળ્યા છે. વુહાનમાં કોરોનાનાં સૌથી વધુ વાઈરસ હતા અને ધારણા કરતા કોરોનાનો કહેર ૫૦૦ ટકા વધારે હતો. ડિસેમ્બર ૨૦૧૯માં વુહાનમાં પહેલેથી જ કોરોનાનાં અનેક સ્ટ્રેન અસ્તિત્વમાં હતા. તપાસ ટીમનાં સભ્ય પીટર બેન ઈમબરેકે કહ્યું હતું કે, વુહાનમાં કોરોના વાઈરસે ધારણા કરતા ૫૦૦ ટકા વધુ કહેર મચાવ્યો હતો.

વુહાનમાં ડિસેમ્બરમાં જ વાઈરસ ફેલાવાનું શરૂ થઈ ગયું હતું. ડિસેમ્બરમાં વુહાનમાં કોરોનાનાં ૧૭૪ કેસ હતા. કોરોના વાઈરસનાં ૧૩ અલગ અલગ જિનેટિક સિકવન્સ જોવા મળ્યા હતા. WHOની ટીમ દ્વારા ટૂંક સમયમાં જ તેનો પ્રારંભિક રિપોર્ટ રજૂ કરવામાં આવશે. હું ચીફ ટેડ્રોસ ગેબ્રેસિયસે કહ્યું હતું કે, ચીનનાં વુહાન શહેરમાં કરાયેલી તપાસ મહત્વની છે. તમામ સંભાવનાઓ સાથે તપાસ કરાઈ રહી છે. શરૂઆતમાં પ્રારંભિક રિપોર્ટ રજૂ કરાશે અને તે પછી થોડા સમયમાં સંપૂર્ણ તપાસ રિપોર્ટ રજૂ કરાશે. તપાસ ટીમને જાણવા મળ્યું હતું કે ડિસેમ્બર ૨૦૧૯માં એકલા ચીનનાં વુહાનમાં જ કોરોનાનાં ૧૦૦૦ કેસ હતા. મિલાન કેન્સર ઈન્સ્ટીટયૂટે જણાવ્યું હતું કે, ઈટાલીમાં ઓક્ટોબર ૨૦૧૯માં જ કોરોના ફેલાવાનું શરૂ થઈ ગયું હતું.

વુહાનનાં આરોગ્ય અધિકારીઓએ હુંને તેની જાણ ૩૧ ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ કરી હતી. દસ્તાવેજો મુજબ ચીનમાં કોરોનાનો પહેલો કેસ ૧૭ નવેમ્બર ૨૦૧૯નાં રોજ પ્રકાશમાં આવ્યો હતો.ચીનમાં ૩૧ ડિસેમ્બર ૨૦૧૯નાં રોજ કોરોનાનો પહેલો કેસ મળી આવ્યો તે પછી અમેરિકા સહિત આખા વિશ્વમાં તેને ફેલાવવાનાં કાવતરામાં ચીનની ભૂમિકા મહત્વની હતી.ચીનનાં એક વેઈબો યુઝર્સે તે જ દિવસે વોચ આઉટ ફોર અમેરિકન્સ એવો મેસેજ પોસ્ટ કર્યો હતો. બેઈજિંગથી વોશિંગ્ટન અને મોસ્કો તેમજ તહેરાન સુધી તેને ફેલાવવા માટે કાવતરૂં ઘડવામાં આવ્યું હતું. ચીનની સરકારે શરૂઆતમાં ખાસ્સો એવો ખોટો પ્રચાર કર્યો હતો.

# સુપ્રિમ કોર્ટે લગાવી કેન્દ્રને સવાલ: ઓટીટી પ્લેટફોર્મ પર નિયંત્રણને લઈને શું પગલાં ભર્યા?

ન્યુ દિલ્હી,તા.૧૬

ઓવર ધ ટોપ ઓટીટી પ્લેટફોર્મ પર દેખરેખ અને નિયંત્રણ માટે યોગ્ય સિસ્ટમની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું કે શું તમે આ મામલાને ગંભીરતાથી લઈ રહ્યા છો. એસ.જી. તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કામગીરી ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટે છ અઠવાડિયામાં જવાબ આપવા માટેનો સમય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે સ્પષ્ટપણે જણાવો કે અત્યાર સુધીમાં ઓટીટી પ્લેટફોર્મ બાબતે શું શું કરવામાં આવ્યું છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ઓટીટી પ્લેટફોર્મ સતત એવા કાર્યક્રમો બતાવી રહ્યું છે જે સામાજિક અને નૈતિક ધોરણો અનુસાર હોતા નથી.

કેટલાક કાર્યક્રમોમાં સૈન્ય દળોને પણ ખોટી રીતે દર્શાવવામાં આવ્યા છે. અરજદારે કહ્યું કે ૪ મહિના પહેલા આ મામલામાં નોટિસ ફટકારવામાં આવી હતી પરંતુ હજી સુધી જવાબ દાખલ કરવામાં આવ્યો નથી. દાખલ કરાયેલી પિટીશન અરજીમાં કહેવામાં આવ્યું છે કે માહિતી અને પ્રસારણ મંત્રાલયે ઓટીટી પ્લેટફોર્મને એવી બાબતોનું એક લિસ્ટ સોંપ્યું હતું. જેને કાર્યક્રમોમાં બતાવી શકાતી નથી, પરંતુ તેનું પાલન કરવામાં આવી રહ્યું નથી. સરકારે પોતાને ઓટીટી પ્લેટફોર્મ ઉપર નિયંત્રણ રાખવાની જવાબદારી સોંપી હતી. તેમણે આત્મ-નિયંત્રણના નામે એક સંસ્થા બનાવી છે. નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ, હોટ સ્ટાર, ઓલ્ટ બાલાજી જેવા ૧૫ મોટા પ્લેટફોર્મ તેના સભ્યો છે. આ અગાઉ કેન્દ્રીય માહિતી અને પ્રસારણમંત્રી પ્રકાશ જાવડેકરે પણ ઓટીટીને લઈને મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, ઓટીટી પર ચાલતી કેટલીક સિરીયલો અંગે ઘણી ફરિયાદો મળી છે અને તેને ધ્યાને લેવામાં આવ્યું છે. ઓટીટીની ફિલ્મો, પ્રોગ્રામ્સ, ડિજિટલ અખબાર પ્રેસ કાઉન્સિલ, કેબલ ટેલિવિઝન, સેન્સર બોર્ડના કાયદા લાગુ પડતા નહોતા. તેમના સંચાલન માટે ટૂંક સમયમાં સરળ વ્યવસ્થા જાહેર કરવામાં આવશે. તેમણે કહ્યું કે ઓટીટી પ્લેટફોર્મના સંચાલન માટેની માર્ગદર્શિકા ટૂંક સમયમાં જારી કરવામાં આવશે.

# પોતાના અનુભવો પર પુસ્તક લખીને ધમાકો કરી શકે છે ગુલામ નબી આઝાદ

ન્યુ દિલ્હી,તા.૧૬

છેલ્લા એક અઠવાડિયામાં આપણે રાજકારણમાં ઘણી હલચલ જોઈ. જ્યાં એક તરફ રાજયસભાથી ગુલામ નબી આઝાદની વિદાય થઈ તો બિહારમાં મંત્રીમંડળનું વિસ્તરણ થયું. બંને જગ્યાના ઘટનાક્રમમાં નાટકીયતા જોવા મળી. રાજયસભામાં આઝાદને વિદાય આપતા સમયે રાજયસભામાં પીએમ મોદી પણ રડી પડ્યા હતા. તો બિહારમાં મુકેશ સાહની ચૂંટણી હારવા છતા મંત્રી બન્યા. રાજસ્થાનની રાજનીતિમાં બીજેપી અને કૉંગ્રેસ બંને માટે ચિંતા વધી રહી છે. તો આસામમાં વિધાનસભા ચૂંટણી જોતા બીજેપી ફાયદો ઉઠાવવાના મૂડમાં છે.

ગુલામ નબીના નજીકના લોકોનું કહેવું છે કે રાજનીતિમાં તેમનો આગળનો રસ્તો કયો હશે એ નક્કી નથી, પરંતુ એક ચીજ નક્કી છે કે ગુલામ નબી પોતાના રાજકીય અનુભવો પર એક પુસ્તક લખી શકે છે. ગુલામ નબીએ કૉંગ્રેસમાં લાંબો સમય ગુજાર્યો છે. તેઓ ઈન્દિરા ગાંધીથી લઈને સોનિયા ગાંધી સુધીની 'કિચન કેબિનેટ'ના મેમ્બર રહ્યા છે. આને જોતા કહેવામાં આવી રહ્યું છે કે જો તેઓ પુસ્તક લખશે અને ઈમાનદારીથી લખશે તો તે કોઈ મોટા ધમાકાથી કમ નહીં હોય.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની પાંચ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

સભ્ય લેખક : અંજના ગાંધી. ઋતુંભરા વિશ્વજીત, વૈભવી જોશી, ઘનશ્યામ વ્યાસ.જીજ્ઞાશા જોશી.

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews(સાહિત્ય સરિતા) (વિડિયો - ૩) ભાગ - ૭

---

**NOG NO-0026**

વિષય - પ્રેમ ની અભિવ્યક્તિ.

શીર્ષક - પ્રેમ એટલે....

એક રચના..

પ્રેમ એટલે પહેલાં પ્યારનું પહેલુ ચુંબન.
પ્રેમ એટલે પ્રિયતમ નામથી બોલાવે એનું સતત ગુંજન.
પ્રેમ એટલે જુવાનીમાં પહેલા વરસાદમાં, મોરનો પહેલો ટહુકો.
પ્રેમ એટલે પ્રિયપાત્રની પહેલી નશીલી નજરનો, કુંવારી નજરનો નૈન - મટકો
પ્રેમ એટલે કુંવારી છાતીની પહેલી કુંવારી ધડકન.
પ્રેમ એટલે જુવાનીનું પહેલું પગથિયું, ને નજર સામેથી સરી જતું બચપણ.
પ્રેમ એટલે કૃષ્ણની વાંસળીમાંથી અવિરત પણે વહેતું રાધાજીનું નામ.
પ્રેમ એટલે મીરાંનાં વિષ ભરેલા પ્યાલાને અમૃત કરી દેવું,એજ કાન્હાજીનું કામ.
પ્રેમ એટલે નરસૈયાને મન શામળિયાનું નામ.
પ્રેમ એટલે અવિરત પણે થતી એક ઝંખના.
પ્રેમ એટલે નિઃસ્વાર્થ ભાવે, પ્રિય પાત્ર માટે સતત ઉઠતી એક પ્રાર્થના.
પ્રેમ એટલે મેળામાં પણ રહીને, પ્રિયજનની સતાવતી મીઠી યાદ.
પ્રેમ એટલે શબ્દોથી નહીં ,
પણ નજરથી થાતી એક મીઠી ફરિયાદ.

અંજના ગાંધી "મૌનુ" ,વડોદરા

---

**NOG SS No :- 0077**

વિભાગ:પદ્ય મૌલિક

વિષય: પ્રેમની અભિવ્યક્તિ

શીર્ષક:પ્રેમ કરુ છું

પ્રેમની પરિભાષા વ્યક્તિ વ્યક્તિએ અલગ અલગ,
અવ્યક્ત મૂક અભિવ્યક્તિની પરિભાષા એ જ પ્રેમ...!
સ્ત્રી અંગેની કવિતાઓમાં પ્રેમની અભિવ્યક્તિમાં, શ્રુંગારરસ શોધાય, એના અંગો ,ઉપાંગોને શરીરનાં ઉભાર વિષેની પંક્તિ લખાય...,
પરંતુ એની હોશિયારી સમર્પણ અને કુંટુંબ કૌશલ્યને હાંશિયામાં ધકેલાય....અને એટલે જ હું સમગ્ર સ્ત્રી જાતની સમજદારી ને
પ્રેમ કરું છું ....!
સવારથી સાંજ,બળબળતી બપોર કે હોંડ થિજાવતી ટાઢ, એમા રોપેલી મહેનત ઉગી નીકળશે કે બરબાદ જશે?
એ ખબર ન હોવાં છતાં સમગ્ર માનવજાતને માટે અન્ન ઉગાડનાર એ અન્નદાતા, ખેડુતને હું
પ્રેમ કરું છું...!
જ્યાં ત્યાં થુંકવું, ગમે ત્યાં કચરો કરવો, ભ્રષ્ટાચાર,જાતિવાદ, અનૈતિક આંદોલનો અને દેશ વિરોધી તાકતોનો વિરોધ કરું છું. કારણકે ,હું મારા દેશને ,
પ્રેમ કરું છું...!
દેશ માટે સેવા આપનાર સૈનિક કે જેને ખબર નથી કે યુધ્ધ પછી એની લાશ આખી હશે કે ટુકડાંમાં,
દેશપ્રેમ ખાતર ફના થનાર દરેક જવાનને
પ્રેમ કરું છું...!!!
અહો રૂપમ !
અહો ધ્વનિ !
સમુદ્ર, નદીઓ,ઝરણાં, પર્વતો,ધરતી,આકાશ,સુર્ય,ચંદ્ર,તારા , નક્ષત્રો, પંખીનાં કલરવ,મેઘધનુષ બીજું ઘણું બધું,
અવર્ણનીય,અપ્રતિમઅદ્ભુત....!કુદરતનાં આ અફાટ સૌંદર્યને ,
પ્રેમ કરું છું
મારા બાળકો માટે મારો પ્રેમ થોરના ફિંડલા જેવો,
દેખાય કાંટાંળો, પરંતુ નિવડે ગુણકારી,
એથી જ દેવના દીધેલ મારા બાળકોને ,
પ્રેમ કરું છું ...!
ટોમ ને જેરી જેવી જોડી અમારી,
એકબીજાને ચીડવતાં,ઝઘડતાં,રિસાતા ને મનાવતા,
તોય એકબીજા વગર લગીરેય ન રહી શકતા,
એવા મારા સખા સરીખા, પતિને
પ્રેમ કરું છું...!!!
સર્વવ્યાપી,સર્વશક્તિમાન,નિરાકાર, પરબ્રંહ્મ કે જેમણે દરેક સજીવને પોતાની આગવી શક્તિ સાથે આ પૃથ્વી પર જન્મ પ્રદાન કર્યો એવા પરમકૃપાળુ પરમાત્માને
,પ્રેમ કરું છું...!!!
અને છેલ્લે,
મારા માહ્યલામાં રહેલ આતમ,જે મને સારા નરસાનો ભેદ બતાડતો,
મારો મદદગાર,મારો આત્મવિશ્વાસ વધારતો,મારા હોવાપણાનો અહેસાસ કરાવતો,મારા અસ્તિત્વનો હુંકાર એવી,
મારી જાતને - મને ,
પ્રેમ કરું છું...!!!

ઋતંભરા વિશ્વજીત,ઋત્વિશ્વ,આણંદ.

---

**NOG SS No : 00 86**

શબ્દ : પ્રેમ પત્ર

પ્રકાર : પદ્ય

શીર્ષક

વણ વંચાયેલા પ્રેમ પત્રો
દુઃખમાં પણ હું ખુશ
હતો કોણ માનશે ?
એક નાની ચબરખીમાં
લખતોતો પ્રેમપત્રો
કોણ માનશે ?
પ્રેમ પત્રો લખ્યાં
તો કર્યા
પણ વાંચનાર કોઈ
નહોતું કોણ માનશે ?
પ્રેમ પત્રોમાં પ્રેમના
વસંત કાવ્યો હું પણ
લાવ્યો તો પણ એ
પ્રેમ પત્રોમાં જ પાનખરની
પીડા હતી કોણ માનશે ?
પ્રતિ વર્ષ નવા પત્રો થી
સજવતોતો આ ઘર પણ
જૂના જ પત્રોમાં દેખાતો
તો પ્રેમ હવે કોણ માનશે ?
કેવા જતનથી સાચવેલા
પ્રેમ પત્રો પણ જવાના,
ઝાંખા પડી ગયેલા અક્ષરોમાં
રહેલી વેદનાને કોણ વાંચવાના ?

ઘનશ્યામ ,મુંબઈ કાંદિવલી

---

**NOG SS NO-0091**

પ્રકાર: પદ્ય

શીર્ષક: પ્રેમની અભિવ્યક્તિ

થાક ન લાગે ક્યારેય પ્રશંસા કરું તારી.
ધરતી પરની અપ્સરા રચના એવી તારી.
ભગવાને પણ હાથ ખંખેર્યા છબી બનાવી તારી.
કવિઓએ કલમ મૂકી કવિતા બનાવી તારી.
સાગરથી પણ વધુ ઊંડી બનાવી આંખો તારી.
દુનિયાભરની ખુશીથી તરબોળ આંખો તારી.
કેવી વ્હાલી લાગે લાલી ગાલોની આ તારી.
નસીબવંતા ભાલ ઉપર શોભે બિંદી તારી.
મુલાયમ તારા હાથોમાં મહેંદી શોભે સારી..
લાંબા સરખાં વાળમાં વેણી શોભે સારી.
પરી જેવી મનમોહક સુંદર કાયા તારી.
રૂપ આવું દેખીને જાઉં તુજ પર વારી.
જન્મ મરણનાં કોલ આપું જોઇએ પ્રીત તારી.
કરશું પ્રેમ એકબીજાને હર વખત હર ઘડી.
લેલા મજનુ કરતાં પણ અદભૂત આપણી જોડી.
દુનિયા આખી યાદ કરશે આપણી પ્રીત પુરાણી.

જિજ્ઞાસા યુ જોષી, " શુક"

---

**NOG SS No : 0086**

વિભાગ : પદ્ય

શિર્ષક : કૃષ્ણપ્રેમી

મારાં અંતરમનમાં એનાં કેટકેટલાં રૂપ હું નિહાળું.
મન કહે, બોલ તને કાના, કૃષ્ણ કે દ્વારકાધીશને મળાવું.
મેં કહ્યું, 'કાનો, કૃષ્ણ કે દ્વારકાધીશ બધુંય એકનું એક,હ
મન કહે ,હકાયાં ભલે એક પણ એની માયાનાં રૂપ અનેક.હ
મેં કહ્યું, 'નામમાં વળી અંતર કેવું? શાને આ ભેદ છાનો?હ
મન કહે,હજેણે ચીર પૂર્યા એ કૃષ્ણ ને વસ્ત્રો ચોર્યા એ કાનો.હ
મન કહે,હબોલ તને કાના ને મળાવું?
મેં કહ્યું, 'કાનો એટલે રાસલીલા ગોપીઓની!
વૃંદાવનમાં વગોવાતી એ માખણચોરીની,ને સાનભાન ભૂલેલી એ કાના ઘેલી રાધાની,
મને ના ગોઠી વાત વાંસળીનાં સૂર રેલાવતા કાનાની..!
મન કહે,હબોલ તને કૃષ્ણને મળાવું?હ
મેં કહ્યું,હકૃષ્ણ તો ભરથાર રુકમણિનો,
એની આઠ-આઠ પટરાણીઓનોહ
ને વધુમાં સોળહજાર એકસો રાણીઓનો તારણહાર બધાયનો પણ મને ન ગોઠે સંગાથ કૃષ્ણનો..!
મન કહે,હચાલ તને દ્વારકાધીશને મળાવું?
મેં કહ્યું,હદ્વારકાધીશ તો જગતનો નાથ શોભાવે રથયાત્રા બની જગન્નાથ,
એની પ્રજા પર એના ચાર-ચાર હાથ,
મને ન ગોઠે એ મુકુટધારી દ્વારકાધીશનો સાથ..!!
મનડું પૂછે, 'કાનો કૃષ્ણ કે દ્વારકાધીશ, તારે કરવી કોની હારે પ્રીત?હ
મેં કહ્યું, 'રાધા, રુકમણિ કે મીરાં હતી ક્યાં કોઈની પણ હાર કે જીત!હ
જેણે એને જે પણ રૂપે ચાહ્યો એણે એને એ જ સ્વરૂપે પામ્યો.
રાધાનો કાન, રુકમણિનો નાથ ને મીરાંનો મોહન ઓળખાયો.
મારું મન તો સદાય ઝંખે છે એનો સાથ માત્ર એક જ રૂપે,
હું માત્ર એની સખી ને પામ્યો મેં એને મારા સખા સ્વરૂપે.
ઓ રે મનડાં ! "ઝીલ" ને ક્યાંથી ગોઠે તારો કાનો, કૃષ્ણ કે દ્વારકાધીશ,
હું તો મોરપીછ સમાન, વાંસળીનાં સૂરમાં ક્યાંક આમ જ વહી જઈશ..!

વૈભવી જોષી 'ઝીલ'


# ભારતની ચીન સામે કૂટનીતિક જીત: પેન્ગોગના ઉત્તર કિનારાથી ઉખાડ્યા તંબૂ-બંકર

*ન્યુ દિલ્હી,તા.૧૬*

પૂર્વ લદાખના પેન્ગોગ સો લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાઓથી ભારત અને ચીનની સેનાઓની વાપસી પ્રક્રિયા યોજના મુજબ ચાલી રહી છે અને આગામી ૬થી ૭ દિવસમાં વાપસીની પ્રક્રિયા પૂરી થવાની આશા છે. આ જાણકારી રક્ષા સૂત્રોએ આપી છે. સૂત્રોએ કહ્યું કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મીએ અનેક બંકર, અસ્થાયી ચોકીઓ અને અન્ય માળખાને ઉત્તર કિનારા વિસ્તારમાંથી હટાવી દીધા છે અને ક્ષેત્રમાં પોતાના સૈનિકોની સંખ્યા ધીમે-ધીમે ઓછી કરી રહી છે. તેઓએ જણાવ્યું કે બંને પક્ષોના ફિલ્ડ કમાન્ડર લગભગ રોજ બેઠક કરે છે જેથી વાપસીની પ્રક્રિયાને આગળ વધારી શકાય, જેને નવ ચરણની ઉચ્ચ સ્તરીય સૈન્ય મંત્રણા બાદ ગત સપ્તાહે અંતિમ રૂપ આપવામાં આવ્યું હતું. રક્ષા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાઓથી વાપસીની પ્રક્રિયાને પૂરી થવામાં લગભગ એક સપ્તાહનો સમય લાગશે અને બંને પક્ષ સૈનિકો અને ઉપકરણોની વાપસી પ્રક્રિયાનું સત્યાપન કરી રહ્યા છે. નવ મહિનાના ગતિરોધ બાદ બંને દેશની સેનાઓ પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાથી વાપસી પર સહમત થયા જે મુજબ બંને પક્ષોને ચરણબદ્ધ, સમન્વિત અને સત્યાપિત રીતે સેનાઓને અગ્રિમ મોરચાથી હટાવવાની છે.

વાપસીની પ્રક્રિયા ગત બુધવારથી શરૂ થઈ હતી. રક્ષા મંત્રી રાજનાથ સિંહએ ગત ગુરુવારે સંસદમાં વાપસી સમજૂતી પર વિસ્તૃત નિવેદન આપ્યું હતું. રાજનાથ સિંહે એલાન કર્યું કે ભારત-ચીનની વચ્ચે પેન્ગોગ લેકની પાસે વિવાદ પર સમજૂતી થઈ ગઈ છે અને બંને દેશની સેનાઓ પોતાના સૈનિકોને પાછળ હટાવશે. રક્ષા મંત્રીએ એલાન કર્યું હતું કે ભારત અને ચીન બંનેએ નક્કી કર્યું છે કે એપ્રિલ ૨૦૨૦ પહેલાની સ્થિતિને લાગુ કરવામાં આવશે, જે નિર્માણ અત્યાર સુધીમાં કરવામાં આવ્યું છે તેને હટાવી દેવામાં આવશે. જે જવાનોએ પોતાના જીવ આ દરમિયાન ગુમાવ્યા છે તેમને દેશ હંમેશા સલામ કરશે. સમગ્ર ગૃહ દેશની સંપ્રભુતાના મુદ્દે એક સાથે ઊભું છે. રાજયસભામાં નિવેદન આપતા રાજનાથ સિંહે કહ્યું હતું કે, ભારતે સ્પષ્ટ કર્યું છે કે LACમાં કોઈ ફેરફાર ન થાય અને બંને દેશોની સેનાઓ પોતપોતાના સ્થળે પહોંચી જાય. આપણે એક ઈંચ જમીન પણ કોઈને નહીં લેવા દઈએ. રક્ષા મંત્રીએ કહ્યું કે પેન્ગોગ લેકના ઉત્તર અને દક્ષિણ કિનારાને લઈ બંને દેશો વચ્ચે સમજૂતી થઈ ગઈ છે અને સેનાઓ પાછળ હટશે. ચીન પેન્ગોગ ફિંગર ૮ બાદ જ પોતાની સેનાઓ તૈનાત કરશે. ૧૦ મહિનાથી ચાલી રહેલા ઘર્ષણને લઈ રાજયસભામાં રાજનાથ સિંહે કહ્યું કે અમે નિયંત્રણ રેખા પર શાંતિપૂર્ણ સ્થિતિ કાયમ રાખવા માટે પ્રતિબદ્ધ છીએ. ભારતે હંમેશા દ્વીપક્ષીય સંબંધોને મજબૂત રાખવા પર ભાર મૂક્યો છે. તેઓએ કહ્યું કે ભારતે ચીનને હંમેશા એવું કહ્યું છે કે બંને દેશોના પ્રયાસોથી જ દ્વીપક્ષીય સંબંધો સુધરી શકે છે.

# યુએઈએ રચ્યો ઈતિહાસ: સ્પેસ ક્રાફ્ટ 'હોપ' મંગળ ગ્રહની નજીક પહોંચ્યું



અબુ ધાબી,તા.૧૬

ભારતનું મિશન મંગળ સફળ રહ્યું હતું, ત્યારબાદ બોલિવૂડમાં વિદ્યા બાલન અભિનેતા ફિલ્મ બની હતી તે પણ હિટ રહી હતી. ભારત બાદ હવે યુએઈનું મિશન સફળ થયું છે. એટલું જ નહીં હોપ માર્સ મિશન દ્વારા સંયુક્ત આરબ અમીરાતે ઈતિહાસ રચી દીધો છે. યુએઈનું સ્પેસક્રાફ્ટ 'હોપ' મંગળ ગ્રહની નજીક પહોંચી ગયું છે. યુએઈના પહેલા ઈન્ટરપ્લેનેટરી અંતરિક્ષ યાન 'હોપે' ગયા મંગળવારે સફળતાપૂર્વક મંગળની કક્ષામાં પ્રવેશ કરી લીધો હતો. મળતી માહિતી મુજબ, મંગળ પર યુએઈનું પેહલું મિશન મંગળવારના રોજ લાલ ગ્રહને એકદમ નજીક પહોંચી ગયું અને પહેલા પ્રયાસમાં જ સફળતાપુર્વક તેની કક્ષામાં પણ પ્રવેશ કરી લીધો છે.

ઈહોપપ્રોબના નામથી ઓળખાનારા યુએઈના માર્સ મિશને એક સંકેત મોકલીને આ અંગેની પુષ્ટી આપી દીધી છે. મંગળ મિશનના ટ્વીટર અકાઉન્ટના એક ટ્વીટ પ્રમાણે, સફળતા હોપપ્રોબ સાથે સંપર્ક ફરીથી સ્થાપિત થઈ ગયો છે. માર્સ ઓર્બિટ મિશન હવે પૂરુ થઈ ગયું છે. અંતિરક્ષ યાન મંગળની કક્ષામાં પહોંચ્યો તો મંગળની કક્ષામાં પહોંચનારો તે પાંચમો દેશ બની ગયો છે અને અરબ દેશોમાં પહેલો દેશ બન્યો છે.આ અંગેની જાણકારી નેશનલ સ્પેસ એજન્સીએ પણ આપી દીધી છે. હોપે સૌર મંડળના સૌથી મોટા જ્વાળામુખીના ફોટા ક્લિક કરીને પૃથ્વી પર મોકલી આપ્યા છે. સ્પેસ એજન્સીએ એક સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે સવારની રોશનીમાં ઓલંપસ મોંસ ઉભરીને આવતો દેખાઈ રહ્યો છે.

આ ફોટો બુધવારે અંતરિક્ષ યાન દ્વારા ૨૪૭૦૦ કિમીની ઊંચાઈએથી લેવામાં આવ્યો છે. આ મિશનનો હેતુ મંગળ ગ્રહ પરની સીઝન પરથી પડદો ઉઠાવવાનો છે પરંતુ ેછઈ હવે આ અંતરિક્ષ અભિયાનને અરબ ક્ષેત્રના યુવાનો માટે પણ એક પ્રેરણા તરીકે જાહેર કરવા ઈચ્છે છે.

# ગુગલ ફ્રાન્સને ૧૨૧ ન્યુઝપેરોને ૫૫૧ કરોડ રૂપિયા ચૂકવવા પડશે

મુંબઈ,તા.૧૬

પોતાના પ્લેટફોર્મ પર ન્યુઝ પેપર તેમજ સમાચાર વેબસાઇટ્સની ખબર સાથે વિજ્ઞાપન બતાવી લાખોની કમાણી કરી રહેલા ગુગલ હવે ફ્રાન્સને ૧૨૧ ન્યુઝપેરોને ૫૫૧ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. ફ્રાન્સના નવા કાયદા મુજબ ગયા મહિને ફ્રાન્સના ન્યુઝ પેપર સંગઠને એપીઆઈજી એલાયન્સ સાથે ત્રણ વર્ષ માટે આનો કરાર કર્યો હતો, પરંતુ કેટલી કિંમત ચુકવશે એ હજુ સામે આવ્યું નથી. ખાસ વાતએ છે કે આ પૈસે એને સમાચારના નાના સ્વરૂપને પોતાના પ્લેટફોર્મ પર બતાવવા માટે ચૂકવવા પડશે.

શરૂઆતમાં ગુગલ એના માટે તૈયાર ન હતું. પરંતુ ૨૦૧૪માં સ્પેન સમાચાર સંગઠનોને પણ આ પ્રકારની રકમ ચૂકવવા માટે કાયદો બનાવવામાં આવ્યો હતો. એના પર ગુગલે સ્પેનમાં પોતાનું 'ગુગલ ન્યુઝ' સેક્સન બંધ કરી દીધું જેથી કમાણીનો હિસ્સો ન આપવો પડે. આના પર ગુગલ સર્ચ પરિણામોમાં ફ્રાન્સિસ સમાચાર સંસ્થાઓના કન્ટેન્ટ હટાવવાની તૈયારી કરી લીધી હતી. એના પર ફ્રાન્સના પ્રતિસ્પર્ધા આયોગે ચેતવણી આપી. સરકારના કડક રૂખ સામે ગુગલે નમવું પડ્યું. કરાર સાથે સમાચાર સંસ્થાઓથી મળેલ કન્ટેન્ટ અનુસાર એમની ભાગીદારી નક્કી થશે. ઉદાહરણ તરીકે પ્રમુખ દૈનિક અખબાર લા મોડને લગભગ ૯.૫ કરોડ રૂપિયા ને સાપ્તાહિક અખબાર લા વોક્સને ૧૦ લાખ ચૂકવવા માટે આવશે.

### અમેરીકાના કેલિફોર્નિયામાં શ્રીમાન્ જોસેફ પરમાર સાથે

# ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ ના અનુક્રમે યોજાયો ઈમીગ્રેશનને લગતી પ્રશ્નોત્તારી વેબીનાર

અમેરીકાના સર્ધન કેલિફોર્નિયામાં કાર્યરત ' ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ (GSFC ) તથા ટેક્ષાસ રાજયના પ્લેનોમાં સ્થપાયેલ ' ગુજરાતી સિનીયર સોસાયટી પ્લેનો ( GSSP ) ના સંયુક્ત ઉપક્રમે ઈમીગ્રેશનના અભ્યાસી શ્રીમાન્ જોસેફ પરમાર સાથે એક વિશિષ્ટ એવી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજાઈ ગયો.

શ્રીમાન્ જોસેફભાઈ મૂલ કરમસદના વતની અને તેઓએ તેમની કારકિરદી ની શરુઆત શિક્ષણના ક્ષેત્રથી કરી હતી. તેઓ ૧૯૯૫ માં અમેરીકા આવ્યા હતા... અમેરીકાની કઈમીગ્રેશન નીતિનો ઊંડો અભ્યાસ કર્યો.. ત્યારબાદ સીનીયર સીટીઝનોના પ્રશ્નો અને તેના ઉકેલ માટેના તજજ્ઞ તરીકે લોકસેવા શરૂ કરી.. સમગ્ર અમેરીકામાં નામના મેળવી. વિવિધ હોદ્દાઓ તથા સન્માનોથી નવાજીત થયા. વિવિધ સમાચાર પ્રત્રોમાં તેમના લેખો છપાતાં તેમજ ' ગુજરાત દર્પણ ' માં પ્રસિધ્ધ થતી તેમની કોલમ ' સોશિયલ દર્પણ ' ૨૦૦૩ થી પ્રસિધ્ધ થાય છે જે શ્રીમાન્ જોસેફ પરમાર રજુ કરે છે.

કાર્યક્રમના પ્રારંભમાં આણંદના વતની અને GSFC ના અગ્રેસર શ્રી હર્ષદરાય શાહે સૌનું સ્વાગત્ત કર્યું... ગોવિંદભાઈ પટેલ અને આણંદના વતની શ્રી સુભાષભાઈ શાહે શ્રી જોસેફભાઈ નો પરીચય આપ્યો. શ્રી જગદીશભાઈ પટેલે GSFC ના કાર્યોની માહિતી આપી. જ્યારે શ્રી ભૂપેન્દ્રભાઈ ઠક્કરે ય્જીજીં પ્લેનો ના કાયક્ષેત્રની માહિતી આપી. આજના કાર્યક્રમમાં ડલાસ ટેક્ષાસથી શ્રી રજનીભાઈ તથા કેનેડા-કેલગરી થી અન્ય એક સભ્ય જોડાયા હતા. નોર્થ કેલિફોર્નિયા, સર્ધન કેલિફોર્નિયા-શિકાગો,ન્યુ જર્સી,કેનેડા વગેરે વિવિધ ક્ષેત્રના સિનિયરો જોડાઈને તેમને લગતા પ્રશ્નો પૂછીને માહિતગાર થયા હતાં. શ્રી જગદીશભાઈ પટેલ,રોમાબેન પીઠડીયા,કાન્તિભાઈ મિસ્ત્રીએ પ્રશ્નો અંગે સરલતા જાળવવા યોગદાન આપ્યું, શ્રીમાન્ જોસેફભાઈએ મુખ્યતો સીટીઝન શીપ, ફેમલી કેટેગરી અને વર્તમાનમાં ચાલી રહેલ ટાઈમટેબલ જણાવ્યું... સીટીઝન વ્યક્તિને મળતા લાભો તેમજ સોશિયલ સીક્યોરીટી ઈન્સોરન્સ તથા સોશિયલ સપ્લિમેન નો ભેદ સમજાવ્યો, વિવિધ લાભો મેળવતા સિનિયરોનો વારંવાર વતનમાં જવા-આવવાની સમય મર્યાદા - ગ્રીનકાર્ડ માં હોલ્ડરની પરિસ્થિતી,મેડીકલ-મેડીકેર વગેરેના લાભો અને મળવા પાત્ર લાભો તથા ભરવા પાત્ર ફોર્મ, ઓફીસ ,મુલાકાતમાં દુભાષિયાની સગવડ જેવા અનેક પ્રશ્નોની છાણાવટ કરી. કાર્યક્રમમાં જોડાયેલાં દરેક સભ્યોને પ્રશ્ન પૂછવાની તક આપવામાં આવી હતી. તમામ સભ્યોએ શ્રીમાન્ જોસેફભાઈ ને પ્રેમથી વધાવ્યા તથા આ કાર્યક્રમમાં જોડાવવા તથા આવો સુંદર કાર્યક્રમ યોજવા માટે બન્ને સંસ્થાને અભિનંદન પણ આપ્યા.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં ' ગુજરાત દર્પણ 'ના શ્રી સુભાષભાઈ શાહ( ન્યુ જર્સી ) શ્રી સુભાષભાઈ શાહ (દલાસ) શ્રી ગુણવંતભાઈ પટેલ,કેલિફોર્નિયાનો ફાળો અમુલ્ય રહ્યો. કાર્યક્રમનું સમાપન શ્રી જગદીશભાઈ પટેલ,કાન્તિભાઈ મિસ્ત્રી,તથા દુષ્યંતભાઈ પટેલે કર્યુ, જયારે આભારવિધિ શ્રી સુભાષભાઈ શાહે(દલાસ) કરી તથા પુનઃ આવા બીજા પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ કરવાની મહેચ્છા દર્શાવી.

( માહિતી અને સંકલન ;- હર્ષદરાય શાહ અને કાન્તિભાઈ મિસ્ત્રી ,કેલિફોર્નિયા).

### ત્રિપુરા રાજયની સુવર્ણજયંતીના અવસરે રાષ્ટ્રીય એક્ત્રીકરણ, શાંતિ, સંવાદિતાના ઉદ્દેશ્ય સાથે અગરતલાથી નીકળેલ

# સદ્‌ભાવના યાત્રાનું ગાંધીનગર ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



ગાંધીનગર

ત્રિપુરા રાજયની સુવર્ણજયંતીના અવસરે અગરતલાથી સદભાવના યાત્રાનું ભવ્ય આયોજન થયેલ છે. ગત તા. ૨૭ ડિસેમ્બરના રોજ અગરતલાથી યુવા વિકાસ કેન્દ્ર, એનઆઈએફએએ ત્રિપુરા તેમજ ગોલ્ડન જ્યુબિલી સેલીબ્રેશન કમિટી - ત્રિપુરાના સહયોગથી રાષ્ટ્રીય એકત્રીકરણ, શાંતિ, સંવાદિતા, આત્મનિર્ભરતા, કલા-સંસ્કૃતિ અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટેના અખિલ ભારત અભિયાનના ભાગરૂપે ૧૫ જેટલા રાઈડર્સ, ૨૮ રાજ્યો અને પાંચ કેન્દ્રશાસિત પ્રદેશો સહિતનો ૨૦,૦૦૦ કિ.મી.ના વિસ્તારને સાંકળશે. યાત્રા દરમ્યાન યાત્રા દરમ્યાન જોડાયેલ યુવાનોનો શાંતિ, સંપ અને ભાઈચારાના સંદેશ તે મુખ્ય ધ્યેય છે.

આ સદ્‌ભાવના યાત્રા આજ રોજ ગાંધીનગર મુકામે આવેલ. આ સદ્‌ભાવના યાત્રાને આવકારવા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ, યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ શ્રી સંજીવ મહેતા, ઓલ ઈન્ડિયા વાડો-કાઈ કરાટે-ડૉ એસોશિએશનના ટેકનીકલ ડાયરેક્ટર શ્રી અરવિંદભાઈ રાણા, કેપિટલ ક્રાંતિના તંત્રી તેમજ રોટરી ક્લબના શ્રીપાર્થ ઠક્કર, લાયન્સ ક્લબના પ્રમુખ શ્રીમતી દર્શનાબેન ત્રિવેદી, ગુજરાત ચેમ્બર ઓફ એનજીઓના સેક્રેટરી શ્રી ભરતજી ઠાકોર, યુવા કાર્યકર શ્રી રવિ ત્રિવેદી, શ્રી હિરેન શાસ્ત્રી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે મેયર શ્રીમતી રીટાબહેન કે. પટેલ દ્વારા સદભાવના યાત્રાના ઉદ્દેશ્યને આવકારી સૌ સદસ્યોને અભિનંદન આપીને આ યાત્રા પોતાના ઉદ્દેશ્યમાં સફળ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ શ્રી સંજીવ મહેતાએ પણ યુવાનો દ્વારા શાંતિ અને સદ્‌ભાવના ઉદ્દેશ્ય થકી નીકળેલ યાત્રાની સફળતા નીવડે તેવી શુભેચ્છા સાથે સૌને અભિનંદન પાઠવેલ. તેઓએ યુવા શક્તિનો ઉપયોગ વધુમાં વધુ કરવા અપીલ કરી હતી.

શ્રીઅરવિંદભાઈ રાણાએ પણ ઉમદા ધ્યેય સાથે નીકળેલ યુવાનોને શુભકામના પાઠવી આ યાત્રીઓને પૂર્ણ સહયોગ કરવાની પણ બાંહેધરી આપેલ.

આ સદ્‌ભાવના યાત્રાના ઉદ્દેશ્ય વિશે શ્રી દેબાશિષ મજુમદાર દ્વારા માહિતી આપીને સુંદર સ્વાગત કરવા બદલ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરેલ. વૈચારિક આદાન-પ્રદાન કરવા પણ તેઓએ તૈયારી દર્શાવેલ.

આ સદભાવના યાત્રામાં શ્રી દેબાશિષ મજુમદાર, શ્રી પિંકુ દાસ, શ્રી સુકાન્તા સરકાર, શ્રી પ્રિયતન ચકમા, શ્રી રાજેશ દાસ, શ્રી નેશન ચકમા, શ્રી સ્વપ્ન દાસ, શ્રી ઈન્દ્રજીત સરકાર, શ્રી સૈફુલ ઈસ્લામ ભુઈયા, શ્રી સમીર ભટ્ટાચાર્યજી, શ્રી બિજય રોય, શ્રી સુભંકર સાહા જોડાયેલ છે.

કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર મહાનગર પાલિકા, યુવા દિશા કેન્દ્ર સહિત શ્રી રુચિર ભટ્ટ, શ્રી કેતનભાઈ પટેલ, શ્રી ભરતજી ઠાકોર, શ્રી હાર્દિકભાઈ દ્વારા ભારે જહેતમ ઉઠાવવામાં આવેલ.

# તિલકવાડાના અલવા ગામે જુગારની રેડ દરમ્યાન એલસીબી પોલીસનો સપાટો

રાજપીપળા, તા ૧૫

તિલકવાડા તાલુકાના અલવા ગામે જુગારની રેડ કરતા દોડ ધામ મચી જવા પામી હતી. જેમાકુલ્લે રૂ. ૮૧૧૭૦/- ના મુદ્દામાલ સાથે કુલ-૪ જુગારીયાઓને એલ.સી.બીનર્મદાપોલીસઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. જેમાએલ.સી.બ પીઆઈએ.એમ.પટેલ દ્વારા તથાએલ.સી.બી. સ્ટાફના પોલીસ માણસોને જીલ્લામાં જુગારની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ રાખવા જણાવેલ .જે દરમ્યાનપોલીસને મળેલ બાતમીને આધારે તિલકવાડા પોસ્ટે વિસ્તારના અલવા ગામ ખાતે રેઈડ કરતા દરમ્યાન આરોપી (૧)



દિલીપભાઇ છારાભાઇ ભીલ (૨) મહેંદ્રભાઇ ગોપાલભાઇ તડવી (૩) ગોવિંદભાઇ રમણભાઇ ભીલ (૪) અલ્પેશભાઇ મેઘાભાઇ ભીલ (તમામ રહે. અલવા તા. તિલકવાડા)ને જુગારની રેઇડ દરમ્યાન ઝડપી પાડેલ જેમા આરોપી (૧) સાદીક સલીમ દિવાન (૨) મીયાદાદ મહંમદઅલી સૈયદ (રહે, તિલકવાડા તા- તિલકવાડા) (૩) રસિકભાઇ તેજીયાભાઇ ભીલ (રહે, અલવા તા- તિલકવાડા) (૪) દાસભાઇ કેશાભાઇ ભીલ (રહે, અલવા તા- તિલકવાડા )(૫) રાયસિંગભાઇ સનકભાઇ ભીલ (રહે. અલવા તા.તિલકવાડા)નાસી ગયેલ. જુગારની રેઇડ દરમ્યાન પકડાઇ ગયેલ આરોપીઓ પાસેથી રોકડા રૂ.૧૧,૧૭૦/- તેમજ મો.સા નંગ-૨ કિ.રૂ.૭૦,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૮૧,૧૭૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી પકડાયેલ તથા વોન્ટેડ આરોપીઓ વિરુધ્ધ તિલક વાડા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

તસવીરઃ જયોતિ જગતાપરાજપીપળા

# નર્મદા જિલ્લા પંચાયતની ૨૨ બેઠકો માટે ભરાયેલા ૧૨૦ ફોર્મ પૈકી ૭૯ ફોર્મ માન્ય : ૪૧ ફોર્મ અમાન્ય

રાજપીપલા,તા ૧૬

આગામી તા.૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ યોજાનારી જિલ્લા/તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૧ અન્વયે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ મારફત સ્વીકારવામાં આવેલ ફોર્મની આજે તા.૧૫ મી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

તદઅનુસાર, નર્મદા જિલ્લા પંચાયતની ૨૨ બેઠકો માટે ઉમેદવારો તરફથી ભરાયેલા કુલ-૧૨૦ ફોર્મ પૈકી ૭૯ ફોર્મને માન્ય રખાયાં છે, જ્યારે ૪૧ ફોર્મ અમાન્ય કરાયાં છે.

તેવી જ રીતે, જિલ્લાના નાંદોદ, ગરૂડેશ્વર, તિલકવાડા, દેડીયાપાડા અને સાગબારા સહિત પાંચેય તાલુકા પંચાયતોની કુલ-૯૦ બેઠકો માટે ઉમેદવારો તરફથી ભરાયેલા કુલ-૪૫૦ ફોર્મ પૈકી ૩૧૪ ફોર્મ માન્ય રખાયાં છે, જ્યારે ૧૩૬ ફોર્મ અમાન્ય કરાયાં છે.

તે જ રીતે, રાજપીપલા નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ઉમેદવારો તરફથી ભરાયેલા કુલ-૧૪૪ ફોર્મ પૈકી ૧૨૩ ફોર્મ માન્ય રખાયાં છે, જ્યારે ૨૧ ફોર્મ અમાન્ય કરાયાં હોવાના અહેવાલ નર્મદા જિલ્લા ચૂંટણીતંત્ર તરફથી પ્રાપ્ત થયાં છે.રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ગોધરા ટ્રેન કાંડઃ ૧૯ વર્ષથી નાસતો ફરતો મુખ્ય આરોપી રફીક હુસેન ભટુક ઝડપાયો



ગોધરા,તા.૧૬

ગુજરાતના પંચમહાલ જિલ્લામાં ગોધરા રેલવે સ્ટેશન પર આશરે ૧૯ વર્ષ પહેલા કારસેવકોને જીવતા સળગાવવાની ઘટનાનો મુખ્ય આરોપી આખરે પોલીસના હાથે ઝડપાઈ ચૂક્યો છે. ગુજરાત પોલીસે ગોધરાથી રફીક હુસૈન નામના શખસની ધરપકડ કરી દીધી છે. પંચમહાલ પોલીસના મતે, રફીક હુસૈન તે કોર ગ્રુપનો હિસ્સો હતો જેણે ગોધરાકાંડનું કાવતરું ઘડ્યું હતું અને છેલ્લા ૧૯ વર્ષથી તે ફરાર હતો. જાણકારી પ્રમાણે પોલીસને બાતમી મળી હતી. ત્યારબાદ પોલીસ હરકતમાં આવી જઈને રેલવે સ્ટેશનની બાજુના ઘરમાં રેડ કરી હતી, જ્યાંથી રફીક હુસૈનને ઝડપી પાડ્યો છે. પોલીસનું કહેવું છે કે ગોધરાકાંડમાં ટ્રેનના કંપાર્ટમેન્ટને સળગાવવા માટે પેટ્રોલની વ્યવસ્થા કરવી, ભીડને ભડકાવવી અને આખા કાવતરાની બ્લૂપ્રિન્ટ બનાવવામાં રફીક હુસૈનનો મોટો હાથ હતો. તેના પર હત્યા અને અથડામણ કરાવવાના ગુના પણ નોંધાયેલા છે. ગુજરાતમાં ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગોધરા રેલવે સ્ટેશન પર કારસેવકોથી ભરેલી ટ્રેનને સળગાવી દેવામાં આવી હતી. આ ઘટનામાં કુલ ૫૯ કારસેવકોના મોત થઈ ચૂક્યા હતા, ત્યારબાદ ગુજરાતમાં ૨૦૦૨ના તોફાનો ફાટી નીકળ્યા હતા. પોલીસે જાણકારી આપી છે કે રફીક હુસૈન તે વખતે એક મજૂરના રૂપમાં સ્ટેશન પર કામ કરતો હતો. જ્યારે ટ્રેન આવી ત્યારે પથ્થરમારો કર્યો હતો અને પેટ્રોલ છાંટવામાં આવ્યું હતુ. આ ઘટનામાં રફીક પણ તેમાંથી એક હતો. પરંતુ આ ઘટના બાદ રફીક હુસૈન અહીંથી ભાગી ગયો અને દિલ્હીમાં રહેવા લાગ્યો હતો. પોલીસે વધુમાં જણાવ્યું કે ગોધરાકાંડની ઘટનાના ૧૯ વર્ષ પછી અમને રફીક હુસૈન વિશે બાતમી મળી હતી. અમને જાણ થઈ કે હુસૈન તેના પરિવારને શિફ્ટ કરવાનો છે. હવે જ્યારે તે દિલ્હીથી પોતાના પરિવારજનોને મળવા અહીં આવ્યો હતો, ત્યારે અમે મોકો જોઈને રેડ કરીને તેની ધરપકડ કરી લીધી હતી.

# માણાવદરના પીએસઆઈની ફરજલક્ષી કામગીરીને કારણે અનેક બદીઓ પર પૂર્ણવિરામ!

એક સમય એવો હતો કે જયારે માણાવદર દારૂવેચાણનુ મોટુ કેન્દ્ર બની ગયું હતું. જાહેર સ્થળો ઉપર દારૂ- ગાંજાનુ વેચાણ ચાલી રહયું હતું. મારામારી,ચોરીઓ,ચીલઝડપ ના બનાવો બેફામ વધી રહયા હતા આને કારણે પોલીસ ની નિષ્ઠા પ્રત્યે ,ફરજ પ્રત્યે લોકોમાં સવાલો જાગ્યા હતા અને જિલ્લા પોલીસ વડા સુધી આ અંગેની ફરિયાદોનો ઢગલો થતા જિલ્લા પોલીસ વડા એ પોલીસ ની શાખા જાળવવા માણાવદરમાં નવા પોલીસ ઓફિસર તરીકે કર્મનિષ્ઠ અને ફરજપરસ્તી એવા પી.વી.ધોકડીયા ની નિમણુંક કરતા આ અધિકારીએ પોતાની સૂઝબૂઝ ને કારણે સતાનો ઉપયોગ કર્યો વિના ધણા જટિલ પ્રશ્નો ઉકેલી ટૂંક સમયમાં જ લોકોના દિલમાં પોતાનું સ્થાન જમાવી લીધું છે ને લોકોને પોલીસ કામગીરી પ્રત્યે વિશ્ર્વાસ જગાડયો છે.

લોકડાઉન વેળાએ ૭૦% જનતાને સમજાવી ને માસ્ક પહેરવા કરેલી સમજાવટના કારણે લોકોએ માસ્ક ચહેરા ઉપરથી હટાવ્યુ જ ન હતું આ તેમની સિધ્ધી છે. અને આજે પણ લોકો માસ્ક પહેરીને જ બહાર નિકળે છે.આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ના અનુસંધાને આ અધિકારીએ પોલીસ ટીમને સાથે રાખી વાહન ચેકીંગ, પોલીસોને ફરજમાં શિસ્ત સાથેની કામગીરી અને લોકોમાં પોલીસ પ્રત્યે અવિશ્ર્વાસ ન જાગે તે રીતે વર્તવા પ્રતિજ્ઞા લેવડાવી હતી.

આવા અધિકારીઓને કારણે જિલ્લા પોલીસ વડા ની શાન અને આન- બાન વધતા હોય છે ફરિયાદોમાં કમી આવતી હોય છે. ને પોલીસ પોતાનો સાચો રક્ષક છે એવો ભરોસો દઢ છે એવો ભરોસો થતો હોય છે છાશવારે બનતી અસામાજિક ધટનાઓ પર બ્રેક લાગી છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# અરબી સમુદ્રમાં ભેજવાળા પવનો ફૂંકાતાં રાજયમાં માવઠું થવાની આગાહી

ગાંધીનગર,તા.૧૬

રાજ્યમાં ઠંડીની વિદાય થઈ રહી છે ત્યારે ફરીવાર ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે માવઠું થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે 'અરબી સમુદ્ર તરફ ભેજવાળા પવન ફૂંકાતાં વિશેષ કરીને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ૧૯ ફેબ્રુઆરીના હળવો વરસાદ પડી શકે છે. રાજ્યમાં આ સિવાયના મોટા ભાગના હિસ્સામાં સૂકું વાતાવરણ રહેશે. આગામી બે દિવસ લઘુતમ તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નહિવત્ છે. આ પછીના ૩ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં ૨-૩ ડીગ્રીનો વધારો થઇ શકે છે. 'વરસાદની શક્યતાને પગલે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ગત રાત્રિએ ૯ ડીગ્રી સાથે નલિયા ઠંડુંગાર રહ્યું હતું. ગુજરાતમાં ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે. અમદાવાદમાં ૩૩.૫ ડીગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૧ ડીગ્રીનો, જ્યારે ૧૫.૬ ડીગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૦.૯ ડીગ્રીનો વધારો થયો હતો. રાજ્યમાંથી અન્યત્ર ગાંધીનગરમાં ૧૪, દીવમાં ૧૬.૪, વડોદરા-સુરેન્દ્રનગરમાં ૧૬.૮, ભુજમાં ૧૭, ભાવનગરમાં ૧૯.૫, સુરતમાં ૧૯.૬ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. ગુજરાતમાં ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ગરમીમાં વધારો અનુભવાઇ રહ્યો છે. હાલ ઉત્તરપશ્ચિમ દિશાનો પવન છે. આગામી ૩-૪ દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં ૩ ડીગ્રી સુધીનો વધારો થઇ શકે છે.

### બોટાદ જીલ્લા પંચાયતની ચુંટણીમાં ઉમેદવારી ચકાસણીમાં કોંગ્રેસના ૧૮ ફોર્મ રદ

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા જ BJP 39 બેઠકો પર થયું બિનહરીફ

ગાંધીનગર,તા.૧૬

રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી બે તબક્કામાં યોજવામાં આવશે. આગામી ૨૧ ફેબ્રુઆરી રોજ ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગર એમ છ મહાનગરપાલિકાની ચૂંટણી યોજાશે. જયારે ૨૮ ફેબ્રુઆરીના રોજ નગરપાલિકા તથા તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી યોજાશે. ત્યારે આજે ઉમેદવારોનું ફોર્મ પાછુ ખેંચવા માટેનો છેલ્લો દિવસ છે. ત્યારે રાજયમાં નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ૩૯ બેઠકો પર ભાજપ બિનહરીફ તરીકે વિજેતા થયુ છે. વિસ્તાર પ્રમાણે વાત કરીએ તો, કચ્છમાં ભૂજની બે બેઠક પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર કરાયાં છે. સુરેન્દ્રનગરમાં ધ્રાંગધ્રા નગરપાલિકામાં પાંચ વોર્ડમાં ભાજપના ૯ ઉમેદવાર બિનહરીફ જાહેર થયાં છે. સુરતના ઓલપાડ તાલુકા પંચાયતની પિંજરત અને ઓલપાડ બેઠક પર ૧-૧ ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

અમદાવાદની દસ્ક્રોઈ તાલુકા પંચાયતની ૨ બેઠક પર બે ઉમેદવારો બિનહરીફ જયારે ભાવનગરના ઉમરાળા તાલુકાપંચાયતની ૨ બેઠક, જૂનાગઢ જિલ્લા પંચાયતની બીલખા બેઠકમાં ૧, થાનગઢ તાલુકા પંચાયતની ૫ બેઠક, ભૂજ નગરપાલિકાની ૨ તથા ધ્રાંગધ્રા નગરપાલિકાની ૫ બેઠકો એક કુલ મળી નગરપાલિકામાં ૯, તાલુકા પંચાયતમાં ૧૭ અને ૨ જિલ્લા પંચાયતમાં ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. બોટાદ જીલ્લા પંચાયતની ચુંટણીમાં ઉમેદવારી ચકાસણી દરમિયાન કોંગ્રેસના ૧૮ ફોર્મ રદ થયા છે. બોટાદની ૭ સીટ, ગઢડાની ૭ સીટ અને રાણપુરની ૪ સીટ ઉપર ફોર્મ રદ થયા છે. તો ભાજપ ૫ બેઠકો પર બિનહરીફ થયા છે. બોટાદ જીલ્લામાં જીલ્લા પચાયતની ૨૦ સીટો માટે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ દ્વારા પોતાના ઉમેદવારી ફોર્મ ભરવામાં આવ્યા હતા.

જેમાં આજે ઉમેદવારી ફોર્મનો ચકાસણીનો દિવસ હતો. જેમાં ઉમેદવારી ચકાસણી દરમિયાન બોટાદ જીલ્લા પંચાયતની ૨૦ સીટોમાં કોંગ્રેસના ૧૮ ફોર્મ રદ થતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ૬ મહાનગરપાલિકાઓ માટે ૨૧ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે અને ત્યારબાદ ૨૩ ફેબ્રુઆરી મતગણતરી થશે. જ્યારે ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતો તેમજ ૮૧ નગરપાલિકાઓ માટે ૨૮ ફેબ્રુઆરીએ મતદાન થશે. જેની ૨ માર્ચના રોજ મતગણતરી કરવામાં આવશે. ૯૧ હજાર ૭૦૦થી વધુ ઈફસ સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાશે.

# કોંગ્રેસના નિર્ણયથી રાજ્યસભાની ૨ બેઠકો પર ભાજપના બંને ઉમેદવારો થયા બિનહરીફ

ગાંધીનગર,તા.૧૬

ભાજપે રાજયસભાની ખાલી પડેલી બેઠેકો પર બે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે દરવખતની જેમ આ વખતે પણ બંને બેઠકો પર નવા જ નામો જાહેર કર્યા છે. ભાજપે રાજયસભાની બે બેઠકો પર દિનેશભાઇ જેમલભાઇ પ્રજાપતિ અને રામભાઇ મોકરિયાનું નામ જાહેર કર્યું છે.

કોંગ્રેસના અહેમદ પટેલ અને ભાજપના અભય ભારદ્વાજના નિધન બાદ આ બંને બેઠકો ખાલી પડી છે. નોંધનીય છે કે, ૧ માર્ચના રોજ રાજયસભાની પેટાચૂંટણી યોજાવવાની છે. હાલ મળતી માહિતી પ્રમાણે, બે ઉમેદવારોમાંથી એક સૌરાષ્ટ્ર છે અને અન્ય ઉત્તર ગુજરાતમાંથી આવે છે. જો આપણે ઉમેદવારોની વાત કરીએ તો દિનેશ પ્રજાપતિ ઓબીસી ચહેરો છે, તેઓ બનાસકાંઠામાંથી આવે છે. તેઓ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી, જિલ્લા ભાજપ પૂર્વ યુવા મોરચા પ્રમુખ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ બક્ષીપંચ મોરચાના પ્રમુખ છે. રામભાઈ મોકરિયા એબીવીપી કાર્યકર્તા છે. તેઓ મૂળ પોરબંદરના નિવાસી છે. તેઓ હાલ રાજકોટમાં કાર્યરત છે.

તેઓ મારુતિ કુરિયરના મલિક છે અને ભાજપ સાથે વર્ષોથી જોડાયેલા છે. હાલમાં રાજકીય વર્તુળોમાં તેવી ચર્ચા ચાલી રહી છે કે, બંને બેઠક પર ભાજપ પોતાના બે ઉમેદવાર રાજયસભામાં મોકલવા માટે સફળ થશે. કારણકે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી બાદ અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની ખાલી પડેલી રાજ્યસભા બેઠક પર યોજાયેલી ચૂંટણીમાં ધારાસભ્યોએ બંને બેઠકો માટે અલગ-અલગ મત આપવા પડ્યા હતા એટલે કે, ચૂંટણી ભલે એક જ દિવસે યોજાય પરંતુ બંને બેઠકો માટે વિધાનસભાના તમામ સભ્યો અલગ-અલગ મતદાન કરશે.

કોંગ્રેસે જે તે સમયે આ મુદ્દાને સુપ્રીમ કોર્ટમાં પણ પડકાર્યો હતો. પરંતુ ચૂંટણી પંચ દ્વારા વર્ષ ૨૦૦૯ અને ૧૯૯૪માં યોજાયેલી ચૂંટણીનો રેફરન્સ આપતા એક જ જાહેરનામા બંનેએ બેઠકોની અલગ-અલગ ચૂંટણી કરવા થયેલા આ પ્રક્રિયાનો હવાલો આપ્યો હતો એટલે કે ગુજરાતની ખાલી પડેલી બંને બેઠકો પર ભાજપના બંને ઉમેદવારને જીત મળશે અને રાજયસભા પહોશે.

કોંગ્રેસ નહિ ઉતારે ઉમેદવાર

રાજયસભામાં ભાજપના બન્ને ઉમેદવાર બિનહરીફ થયા છે. કોંગ્રેસ એક પણ ઉમેદવાર રાજ્યસભામાં નહીં ઉતારે કારણ કે, વિધાનસભામાં કોંગ્રેસ પાસે પુરતુ સભ્ય સંખ્યાબળ છે જ નહીં. અને પુરતુ સભ્ય સંખ્યાબળ ન હોવાથી જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. બન્ને બેઠક માટે અલગ અલગ જાહેરનામું હોવાથી નિર્ણય લેવામાં આવ્યો છે. હાલની સ્થિતિએ કોંગ્રેસના ઉમેદવાર જીતવાની સ્થિતિએ નથી. રાજયસભામાં ગુજરાત કોંગ્રેસના માત્ર ૩ સભ્યો જ બાકી રહી જશે. રાજયસભામાં ગુજરાતની ૧૧ બેઠકો છે. ચૂંટણી બાદ ભાજપ ની ૮ અને કોંગ્રેસના ૩ રહેશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.